Saturday, 07 March 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૭૦ ● સંવત-૨૦૮૨ ફાગણ વદ ચોથ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



મારી અનુમતિ વિના કોઈ પણ મને ઠેસ નથી પહોંચાડી શકતો.

- મહાત્મા ગાંધીજી


## ૫ દિવસ હીટવેવની હવામાન વિભાગની આગાહી

# સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવ સહિત દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હીટવેવની આગાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૦૬**
દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં અને પડોશના સંઘપ્રદેશ તાપમાન વધશે. જયારે દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાશે.

૮થી ૧૦ માર્ચ દરમિયાન

### ૮ માર્ચે સંઘપ્રદેશ દાનહ અને દમણ સહિત વલસાડ, નવસારી, સુરત, ભરૂચ જિલ્લામાં અને સૌરાષ્ટ્રના પોરબંદર અને દીવમાં ગરમીનું મોજું રહેશે




દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ઉનાળાની શરૂઆત થઈ ચૂકી છે. માર્ચની શરૂઆતમાં જ પારો ઉચકાઈ રહ્યો છે. એટલું જ નહીં, આવનારા સમયમાં આકરી ગરમીમાં શેકાવા માટે લોકોએ તૈયાર રહેવું પડશે. કેમ કે, હવામાન વિભાગ તરફથી કાળઝાળ ગરમીની આગાહી કરવામાં આવી છે.

આગામી ૫ દિવસ હીટવેવનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં હીટવેવની આગાહી છે. સાત દિવસમાં ૨થી ૩ ડિગ્રી ભાવનગર, પોરબંદર, દીવ, સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, દાદરા નગર હવેલી અને દમણમાં કાળઝાળ ગરમી પડશે, તો આઠ માર્ચે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી રહેવાની શક્યતા છે.

અમદાવાદ હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ જણાવ્યું કે, હાલની સ્થિતિને જોતાં પાંચ દિવસ માટે હિટવેવની ચેતવણી છે. આજે અને કાલે સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં અલગ અલગ સ્થળોએ ગરમીનું મોજું રહેવાની સંભાવના છે. ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં અલગ અલગ સ્થળોએ ગરમ અને ભેજવાળી હવા રહેવાની સંભાવના છે.

૮ માર્ચે દક્ષિણ ગુજરાત પ્રદેશના ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને દમણના જિલ્લાઓમાં, સૌરાષ્ટ્રના પોરબંદર, વેરાવળ, ભાવનગર અને દીવના જિલ્લાઓમાં ગરમીનું મોજું રહેવાની સંભાવના છે.

૯ માર્ચે દક્ષિણ ગુજરાત પ્રદેશના ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને દમણના જિલ્લાઓમાં; સૌરાષ્ટ્રના પોરબંદર, વેરાવળ, ભાવનગર અને દીવના જિલ્લાઓમાં હિટવેવની સંભાવના છે.

૧૦ માર્ચ સુધી દક્ષિણ ગુજરાત પ્રદેશના ભરૂચ, સુરત, નવસારી, વલસાડ અને સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ જિલ્લાઓમાં, સૌરાષ્ટ્રના પોરબંદર, વેરાવળ, ભાવનગર અને દીવના જિલ્લાઓમાં ગરમીનું હિટવેવની સંભાવના છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સેલવાસ મુલાકાતના એક વર્ષ બાદ પ્રદેશના લગભગ તમામ કામો પૂર્ણતાના આરે

### હવે દાનહ અને દમણ-દીવમાં ફક્ત માનવ-સંસાધન વિકાસ અને પ્રદેશના લોકોને રોજગારીની યોગ્ય અનુકૂળ તકોના નિર્માણનું જ બાકી રહેનારું કામ

**આ**જથી બરાબર એક વર્ષ પહેલાં ૭મી માર્ચ, ૨૦૨૫ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેલવાસની મુલાકાત દરમિયાન સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં રૂા.૨૫૮૭ કરોડથી વધારે મૂલ્યના વિવિધ વિકાસ કામોનું ઉદ્‌ઘાટન અને ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે ટચૂકડા સંઘપ્રદેશની અતિ આધુનિક માળખાગત સુવિધા આધુનિક હેલ્થ કેર સેવાઓ, વૈશ્વિક કક્ષાની શૈક્ષણિક સંસ્થાઓ, પ્રવાસન, બ્લ્યુ ઈકોનોમી, ઔદ્યોગિક પ્રગતિ, યુવાનો માટે નવી તકો અને મહિલાઓની ભાગીદારીથી ખુબ જ પ્રભાવિત થયા હતા. તેમણે દાનહ અને દમણ-દીવ વિકાસ સુશાસન અને જીવનની સરળતાના મોડેલ બનવા બદલ પોતાની પ્રસન્નતા પણ પ્રગટ કરી હતી. પ્રધાનમંત્રીશ્રીની મુલાકાતના એક વર્ષ બાદ સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના લગભગ મોટાભાગના પ્રોજેક્ટો પૂર્ણતાના આરે પહોંચી રહ્યા છે. સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની દીર્ઘદૃષ્ટિ અને કઠોર પરિશ્રમ

**સ્પેશ્યલ કોમેન્ટ**
**-મુકેશ ગોસાવી**

સાથે પ્રધાનમંત્રીશ્રીના આશીર્વાદથી સમગ્ર પ્રદેશનું તકદીર અને તસવીર પણ બદલાઈ ગઈ છે. તેની સાથે સાથે પ્રદેશના લોકોના આચાર-વિચારમાં પણ પરિવર્તન આવ્યું છે.

આવતા દિવસોમાં દમણમાં થનારો એરપોર્ટનો આરંભ અને અદ્યતન કન્વેન્શન સેન્ટરના નિર્માણના કાર્યારંભ તથા રામસેતૂ અને નમો પથને જોડતા સિગ્નેચર બ્રિજનું નિર્માણ પ્રદેશના પ્રવાસનને પણ નવી તાજગી આપશે. દમણ, સેલવાસ અને દીવ શહેરના રસ્તાઓ અને શેરીઓ પણ નવીનક્કોર બનીને તૈયાર થઈ રહી છે. ગ્રામ્ય રસ્તાઓની પણ કાયાપલટ શરૂ થઈ ચુકી છે તેથી આવતા ૨૫ વર્ષ સુધીની જરૂરિયાત સંતોષાય તે પ્રકારનું દીર્ઘદૃષ્ટિ ભરેલું આયોજન થયું છે. હવે રસ્તાના સમારકામ ઉપર પૂર્ણવિરામ લાગવાની સંપૂર્ણ સંભાવના છે. હવે દાદરા નગર હવેલી અને દમણ-દીવના માળખાગત, પ્રવાસન અને શૈક્ષણિક વિકાસના ક્ષેત્રે લગભગ તમામ કામો પૂર્ણ થવાના આરે છે ત્યારે હવે આ ક્ષેત્રમાં કોઈ મોટી સંભાવના રહી હોય એવું દેખાતુ નથી. ફક્ત હવે માનવ-સંસાધન વિકાસના ક્ષેત્રે કામ રહેશે અને પ્રદેશના લોકોને રોજગારીની યોગ્ય અનુકૂળ તકો મળે એ પ્રકારના આયોજનની અપેક્ષા રહેશે એવું અનુમાન પ્રગટ થઈ રહ્યું છે.

**એક્સ્ટ્રા કોમેન્ટ**

**છેલ્લા ૧૦ વર્ષમાં મહામહિમ રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, ગૃહમંત્રી, સંરક્ષણ મંત્રી સહિતના લગભગ તમામ મહાનુભાવોએ આ ટચૂકડા સંઘપ્રદેશની અનેક વખત મુલાકાતો લીધી છે. હવે લોકસભાના વિરોધ પક્ષના નેતા પણ દાદરા નગર હવેલી અને દમણ-દીવની મુલાકાત કરી બદલાયેલા પ્રદેશની ઝાંખી કરે એવી લાગણી પણ પ્રગટ થઈ રહી છે.**



NAMO Medical Education and Research Institute
&
NAMO Hospital



One Year of Excellence and Dedication in Healthcare

12,73,596 OPD & Emergency | 42,923 IPD | 6,605 Intensive Care Units | 10,828 Major Operations
2,23,747 Radiodiagnosis | 4,962 Deliveries | 13,92,487 Blood Investigations | 6,806 Dialysis




www.namomeri.in | Sayli Road, Silvassa Dadra & Nagar Haveli. PIN-396230




## સુવિચાર - સદ્‌વિચાર

મહેનત અને ઈમાનદારીથી જ જીવન સંવરે છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### આછા ફિક્કા રંગ

તે શિયાળાના દિવસે આપણે તળાવ પાસે ઊભાં હતાં,
સૂર્ય સફેદ હતો, જાણે ઠપકો દીધો હોય ઈશ્વરે,
એશના ઝાડ પરથી, ભૂખ્યાડાંસ ક્યારા પર,
પાંદડા વિખરાયાં હતાં, રાખોડિયાં રંગનાં.

વર્ષોજૂના કંટાળાજનક કોયડા પર રમી રહી હોય,
એવી તારી આંખો મારા પર રમી રહી હતી.
અને થોડાક શબ્દોની આવનજાવન થઈ રહી'તી
કે આપણા પ્રેમથી કોણે વધુ ગુમાવ્યું છે.

બધીય મૃત:પ્રાય વસ્તુઓથી
તારા ચહેરા પરનું સ્મિત વધુ લોથપોથ હતું.
એક કડવાશનું પહોળું સ્મિત ત્યાં ઊડી આવ્યું.
જાણે કોઈ અપશુકનિયું પંખી.

ત્યાર પછી પ્રેમ છેતરે છે, છલનાથી હૃદયને આમળે છે,
એ ભેદી નાખતા અવબોધે આકાર્યાં છે મારી સામે
તારી સૂરત, અને દૈવશાપિત સૂર્ય અને એક વૃક્ષ,
અને રાખોડિયા પાંદડાની કોરવાળું તળાવ.
(અનુ. શીરીન કુડચેડકર)

**- થોમસ હાર્ડી**

## આજની જોક

કુંવારાં લોકોની સમસ્યા : બહાર નીકળે તો લૂ લાગે
અને...
ઘરમાં બેસે તો એકલું લાગે.
પરણેલાની સમસ્યા : ઘરમાં રહેવાય નહી.. બહાર જવાય નહી..

## કબીર વાણી

**કાળ સિરાને આ ખડા, જાગ પ્યારે મિત,**
**રામ સ્નેહિ બાવરા, તું કયું સોય નચિંત?**

**- અર્થાત-**

તારા તકિયા નજદીક જમ આવી ઉભો રહેલો છે, માટે જાગૃત થા! તારે તો ઈશ્વરનેજ મળવું છે ત્યારે ઓ ગભરાયલા માણસ! તું કાં નચિંત થઈ સુતો છે?

## આજનો દિન વિશેષ

### શિરીષ પંચાલ

શિરીષ જગજીવનદાસ પંચાલ (જન્મ ૭ માર્ચ ૧૯૪૩) ગુજરાતી વિવેચક, સાહિત્યકાર, અનુવાદક અને સંપાદક છે. તેમણે વાત આપાના વિવેચન-ની ટીકા માટે ગુજરાતી ભાષા માટે ૨૦૦૯નો સાહિત્ય અકાદમી પુરસ્કાર જીત્યો હતો. તેણે એવોર્ડનો ઈનકાર કર્યો હતો.

પંચાલનો જન્મ ૭ માર્ચ ૧૯૪૩ના રોજ વડોદરામાં થયો હતો. તેમણે અનુક્રમે ૧૯૭૮ અને ૧૯૮૧ માં તેમની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની પરીક્ષાઓ પાસ કરી. તેણે બી.એ. બરોડાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી ગુજરાતી સાથે. ૧૯૬૬માં એ જ યુનિવર્સિટીમાંથી આ જ વિષયમાં એમ.એ. કર્યા પછી, તેમણે ૧૯૮૦માં સુરેશ જોશીના માર્ગદર્શન હેઠળ કાવ્ય વિવેચન પર સંશોધન કર્યું. પંચાલને તેમના મહાનિબંધ કાવ્યવિવેચનની સમાસ્યો (લિ.-'પ્રૉબ્લેમ્સ ઑફ કાવ્યાત્મક વિવેચન') માટે પીએચડી પ્રાપ્ત થયું. તેઓ બીલીમોરાની કોલેજમાં ૧૯૬૫ થી ૧૯૬૭ અને ૧૯૬૭ થી ૧૯૮૦ સુધી પાદરાની કોલેજમાં પ્રોફેસર હતા. ૧૯૮૦ થી તેઓ એમ.એસ.ના ગુજરાતી વિભાગમાં લેક્ચરર છે. યુનિવર્સિટી, વડોદરા. તેમણે એમ.એસ. યુનિવર્સિટી, બરોડામાં ગુજરાતી ભાષા અને સાહિત્ય શીખવ્યું.

તેમનું પ્રથમ એકાંકી નાટક વિશ્વમંગલ સામયિકમાં પ્રકાશિત થયું હતું. તેમની ટૂંકી વાર્તાઓ વર્ષા, વલ્લરી અને આરામ ૧૯૬૨માં નવભારતમાં પ્રકાશિત થઈ હતી.

તેમણે સુમન શાહ દ્વારા સંપાદિત સાહિત્યસ્વરૂપ પરિચય શ્રેણી હેઠળ નવલકથા (૧૯૮૪) પર ટૂંકો નિબંધ લખ્યો હતો. તેમની વૈદેહી એટલી જા વૈદેહી એક પ્રાયોગિક નવલકથા છે, જે કિરાત અને વૈદેહીની પ્રેમ-કથા જણાવે છે. તેમણે પ્રવચન સાથે સુરેશ જોષીની પસંદ કરેલી ૨૧ ટૂંકી વાર્તાઓ મનિતી અનામાનીતિ (૧૯૮૨) સંપાદિત અને પ્રકાશિત કરી.[૭] પ્રોબ્લેમ્સ ઓફ પોએટિક ક્રિટીસીઝમ (૧૯૮૫) તેમનો નિબંધ છે. જરા મોટેથી (૧૯૮૮) તેમનો નિબંધોનો સંગ્રહ છે. રૂપચંથી વિઘાટન (સાહિત્ય. 'ધ ડિસોલ્યુશન ઓફ ફોર્મ') (૧૯૮૬) એ આધુનિકતાની વિભાવનાની પુન:પરીક્ષા કરતો જટિલ ગ્રંથ છે.

## બાળવાર્તા : પૈસાદાર થવું કે ગરીબ રહેવું

એક મોટા પૈસાદાર શેઠના ઘરની સામે એક મોચી રહેતો હતો. ખુબ જ પ્રમાણિક અને મહેનતુ, સદગુણોનો ભંડાર, ઈર્ષ્યા, લોભ, કપટ, લાલચ દુર્ગુણોથી દુર રહે. સદા પ્રભુની સેવા કરી જોડા સીવતા સીવતા ભજન ગાય. આ રીતે ખુબ જ સદ્‌ભાવનાપૂર્વક જીવન જીવતાં જીવતાં તે આનંદમાં દિવસ ગાળતો.બાજુમાં રહેતો શેઠ તેનાથી વિપરીત સ્વભાવનો, ખુબ જ લાલચુ અને હંમેશા દુ:ખી રહેનારો દુકાન તથા લેવડદેવડના વિચારમાં ચિંતાતુર રહેતો. પેલા મોચીના વૈરાગ્યવાળા ભજન સાંભળીને શેઠને શાંતિ વળતી.

એક દિવસ શેઠે મોચીને પૂછ્યુ: 'તું શું કમાય છે?મોચીએ કહ્યું : રોજના આઠ આના જેટલું કમાઉ તે પ્રમાણે મારે ખર્ચ છે. શેઠે કહ્યુ : તારા ભજનથી મને બહુ આનંદ થાય છે. માટે હું તને પચાસ રૂપિયા આપુ છું. મે જો દવા કરાવી હોત તો પણ એટલુ ખર્ચ તો થાત અને આટલો આનંદ મળત નહી. મોચીને રૂપિયા મળ્યા એટલે તેને સાચવવાની ચિંતામાં તે પડ્યો, દિવસમાં બે-ત્રણ વખત પેલા રૂપિયા ગણી જુએ. રાતદિવસ તેનું ચિત્ત તેમા જ રહે. રાત્રે તે ગણી ઓશીકે મુકે. રાત્રે ઉંઘ પણ ન આવે એટલે દિવસે જોડા સીવતા સીવતા ઝોકા આવે., તે ભજન ગાવાનું પણ ભૂલી ગયો. તે પૂર્વજન્મનો સંસ્કારી હોવાથી સમજી ગયો કે, આ બધાનું કારણ પચાસ રૂપિયા છે. તેથી શેઠને ત્યાં જઈ તે રૂપિયા આપી આવ્યો અને શેઠને કહ્યુ: ' તમે તે બીજે વાપરજો' પછી મોચી પાછો પોતાના ધંધે વળગ્યો અને પહેલાની માફક જ ભજન લલકારવા લાગ્યો શેઠ પણ ફરીથી તેના વૈરાગી ભજન સાંભળવાથી ચિંતામુક્ત થયા.

### ગેસ સપ્લાય અંગે સમીક્ષા બેઠક

# ઈરાન-ઈઝરાયેલ યુદ્ધની અસરને લઈને ગુજરાત સરકાર એલર્ટ

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં ગેસ સપ્લાય, સ્ટોક, આયાત, વિતરણ અને વિકલ્પો અંગે ચર્ચા કરી



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર, તા.૦૬**

મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવની અસર વૈશ્વિક ઊર્જા બજાર પર જોવા મળી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે રાજ્યમાં ગેસ પુરવઠાની સ્થિતિ અંગે મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજી હતી. વીડિયો કોન્ફરન્સ દ્વારા યોજાયેલી આ બેઠકમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ ઊર્જા વિભાગના અધિકારીઓ અને સરકારી ગેસ કંપનીઓના પ્રતિનિધિઓ જોડાયા હતા.બેઠકમાં રાજ્યમાં એલએનજી (LNG) અને એલપીજી (LPG)ના પુરવઠા, ઉપલબ્ધ સ્ટોક તેમજ ભવિષ્યમાં ઉભી થઈ શકે તેવી સંભાવિત સ્થિતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીઓએ રાજ્યમાં હાલ ગેસ સપ્લાયની સ્થિતિ, આયાતની વ્યવસ્થા અને ગેસ વિતરણ તંત્ર અંગે પ્રસ્તુતિ આપી હતી.ગુજરાત ઉદ્યોગપ્રધાન રાજ્ય હોવાથી અહીં મોટા પાયે ઉદ્યોગો નેચરલ ગેસ પર આધારિત છે. ટેક્સટાઈલ, કેમિકલ, સેરામિક સહિતના અનેક ઉદ્યોગોમાં ગેસનો વ્યાપક ઉપયોગ થાય છે. તેથી વૈશ્વિક સ્તરે ઊર્જા પુરવઠામાં થતી હલચલનો પ્રભાવ રાજ્યના ઔદ્યોગિક ક્ષેત્ર પર પણ પડી શકે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ગેસ કંપનીઓ સાથે પૂર્વ તૈયારીરૂપે ચર્ચા કરવામાં આવી છે.

બેઠક દરમિયાન અધિકારીઓને ગેસ સપ્લાય ચેઈન ઉપર સતત નજર રાખવા સૂચના આપવામાં આવી હતી. સાથે જ ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રહે અને ઉદ્યોગો તેમજ ઘરેલુ વપરાશકર્તાઓને પુરવઠામાં કોઈ ખલેલ ન પડે તે માટે જરૂરી આયોજન કરવા જણાવ્યું હતું. બેઠકમાં ગેસ આયાત, સ્ટોરેજ ક્ષમતા અને વિતરણ વ્યવસ્થા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. જરૂર પડે તો વિકલ્પરૂપે ગેસ સપ્લાય સુનિશ્ચિત કરવા માટે પણ પગલાં લેવા પર વિચાર કરવામાં આવ્યો હતો.નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ બેઠક દરમિયાન જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ગેસ પુરવઠાની સ્થિતિ ઉપર સતત મોનિટરિંગ શરૂ કર્યું છે. કોઈપણ સંજોગોમાં રાજ્યના નાગરિકો અને ઉદ્યોગોને ગેસ પુરવઠામાં અછત અનુભવવી ન પડે તે માટે તમામ ગેસ કંપનીઓને સજ્જ રહેવા સૂચના આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ભારત પોતાની ગેસ જરૂરિયાતનો મોટો હિસ્સો આયાત દ્વારા પૂરો કરે છે અને તેમાં મધ્ય પૂર્વના દેશો મહત્વની ભૂમિકા ભજવે છે. આવી સ્થિતિમાં આ વિસ્તારમાં વધતા તણાવને કારણે વૈશ્વિક ઊર્જા બજારમાં અનિશ્ચિતતા ઊભી થવાની શક્યતા રહે છે. આ પરિસ્થિતિ વચ્ચે ગુજરાત સરકારે સમયસર સમીક્ષા કરીને રાજ્યમાં ગેસ સપ્લાયની સ્થિતિ પર નજર રાખવાનો નિર્ણય કર્યો છે. સરકાર દ્વારા આગામી દિવસોમાં પણ પરિસ્થિતિ મુજબ સમીક્ષા કરીને જરૂરી પગલાં લેવામાં આવશે તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

# રાજમાર્ગ ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટનો રૂા. ૬,૦૦૦ કરોડનો આઈપીઓ બુધવાર,૧૧ માર્ચ,૨૦૨૬ના રોજ ખુલશે




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા.૦૬**

એનએચએઆઈ (નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા) દ્વારા સ્પોન્સર્ડ InvIT રાજમાર્ગ ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ, સ્પોન્સર કોન્ટ્રીબ્યુશન સાથે મળીને બુધવાર, ૧૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ રૂા. ૬૦,૦૦૦ મિલિયન (રૂા. ૬,૦૦૦ કરોડ) સુધીના યુનિટ્સનો આઈપીઓ ખોલવાનો પ્રસ્તાવ મૂકે છે. પ્રતિ યુનિટ પ્રાઈઝ બેન્ડ રૂા.૯૯ થી રૂા.૧૦૦ સુધી નક્કી કરવામાં આવ્યો છે. આ ઈશ્યૂ શુક્રવાર, ૧૩ માર્ચ, ૨૦૨૬ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ મંગળવાર, ૧૦ માર્ચ, ૨૦૨૬ છે. રાજમાર્ગ ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટની સ્થાપના એનએચએઆઈ દ્વારા પ્રોજેક્ટ એસપીવીને આપવામાં આવેલા કન્સેશન કરારની શરતો અનુસાર InvIT એસેટ્સ હસ્તગત કરવા, ઓપરેટ કરવા અને મેઈન્ટેઈન કરવા માટે કરવામાં આવી હતી અને એનએચએઆઈ દ્વારા કલ્પના કરાયેલ ટોલ ઓપરેટ ટ્રાન્સફર મોડેલ હેઠળ ઝારખંડ, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકમાં પાંચ ટોલ રોડનો પ્રારંભિક પોર્ટફોલિયો રાખવા માટે કરવામાં આવી હતી.

એન્કર ઈન્વેસ્ટર્સ અને સ્ટ્રેટેજિક ઈન્વેસ્ટર્સ દ્વારા સબ્સ્ક્રાઈબ કરાયેલા યુનિટ્સ સિવાયના બિડર્સ દ્વારા ઓછામાં ઓછા ૧૫૦ યુનિટના લોટ માટે અને ત્યારબાદ ૧૫૦ યુનિટના ગુણાંકમાં બિડ કરી શકાય છે.

આ યુનિટ્સને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ અને બીએસઈ લિમિટેડ પર લિસ્ટિંગ કરવાનો પ્રસ્તાવ છે. યુનિટ્સના લિસ્ટિંગ માટે બીએસઈ અને એનએસઈ તરફથી સૈદ્ધાંતિક મંજૂરી ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મળી ગઈ છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડએ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ છે.ટ્રસ્ટના સ્પોન્સર નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા છે. ઈન્વેસ્ટમેન્ટ મેનેજર રાજમાર્ગ ઈન્ફ્રા ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રાઈવેટ લિમિટેડ છે અને ટ્રસ્ટી આઈડીબીઆઈ ટ્રસ્ટીશીપ સર્વિસીસ લિમિટેડ છે. એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ અને મોતીલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ લિમિટેડ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે.

### દીવ જિલ્લા ભાજપ અધ્યક્ષ મોહનભાઈ લખમણની અધ્યક્ષતામાં

# દીવ ભાજપ દ્વારા પંડિત દીન દયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા. ૦૬**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ગાંધીપરા કોમ્યુનિટી હોલ ખાતે આજે દીવ ભારતીય જનતા પાર્ટી દ્વારા ભાજપ જિલ્લા અધ્યક્ષ શ્રી મોહનભાઈ લખમણની અધ્યક્ષતામાં પંડિત દીન દયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દિપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. પંડિત દીન દયાલ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહા અભિયાન ૨૦૨૬ દરમિયાન દીવ ભાજપ જિલ્લા પ્રમુખ શ્રી મોહનભાઈ લખમણે ભારતીય જનતા પાર્ટીની ઉત્કૃષ્ટ કામગીરી તથા ભારતીય જનતા પાર્ટી સિદ્ધાંતો પર કાર્ય કરી રહી છે, આ પ્રશિક્ષણ સિદ્ધાંતોને આધીન અને આપડા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ભારતીય જનતા પાર્ટીના નેતાઓ આગળ બધી અનેકકાર્યોને સફળ બનાવ્યા છે.

કાર્યક્રમ દરમિયાન દીવ ભાજપ પૂર્વ પ્રમુખ તથા કાર્યક્રમના મુખ્ય વક્તા શ્રી બિપિનભાઈ શાહે મુંબઈ ખાતે પ્રશિક્ષણ લીધેલું હતું. તેમણે દીવ જિલ્લા ભાજપના હોદેદારો, કાર્યક્રતાઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ વગેરેને દીવ ખાતે આ કાર્યશાળામાં આપ્યું હતું.

તેઓએ ઉપસ્થિત લોકોને નાગરીક કર્તવ્ય, સંવિધાન, પર્યવરણ સંરક્ષણ, સ્વદેશ, આત્મનિર્ભર, ભાજપની કામગીરી, સાર્વજનિક સંપતિની સુરક્ષા, દેશ પર આપદા આવે ત્યારે એકબીજાને મળી જનતાની સુરક્ષા, પાર્ટીના સિંધ્ધાતો, દેશની પ્રાકૃતિક સંસાધનોની સુરક્ષા, ગૃપ પ્રબોધન વગેરે અંગે જાણકારી આપી હતી, ભાજપના હોદેદારો કાર્યકર્તા દ્વારા કાર્યક્મને સફળ બનાવવામાં આવ્યો હતો.

# દીવ ખાણીયાવાડા ગ્રુપ દ્વારા હોળી તહેવારની ઉજવણીના ભાગરૂપે આજે મ્યુઝીકલ નાઈટનું આયોજન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૬**

કેન્દ્ર શાસિત દીવ ખાતે હોળી ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. ગઈકાલે હોળી દહનનું ભવ્ય આયોજન દીવ જિલ્લામાં કરવામાં આવ્યું હતું. દીવના ખાણીયાવાડા હોળી ચોક ખાતે પણ શ્રધ્ધાળુઓએ હોળીકા દહન કરી, પૂજા-અર્ચના કરી હતી અને આજરોજ દીવના ખાણીયાવાડા ગ્રુપ દ્વારા હોળી પર્વની ઉજવણીને લઈ રાજકોટના ગાયક કલાકારો સાથે મ્યુઝીકલ નાઈટનું આયોજન થયું હતું.

રાજકોટના જુના અને પ્રખ્યાત ગીતોના ગાયક કલાકારો શ્રી પ્રદિપ ઠાકર અને તૃપ્તી દવેએ દીવના ખાણીયાવાડા હોળી ચોક ખાતે જુના ફિલ્મી ગાયક કલાકારો શ્રી મુકેશ, લતા મંગેશકર, જેવા નામ ચિન્હ કલાકારોના પ્રખ્યાત ગીતો તથા લોકાની ફરમાઈશના ગીતોની સાથે લોકો ઝુમી ઉઠયા હતા.

આ પ્રસંગે દીવના સ્થાનિકો સમાજના આગેવાનો, એનઆરઆઈ ભાઈઓ બહેનો, દીવ પરિવાર વગેરે ઉપસ્થિત રહી અને આ મ્યુઝીકલ તથા ગીતોની મજા માણી હતી.

# T20 વર્લ્ડ કપ ફાઈનલ માટે મુંબઈ અને અમદાવાદ વચ્ચે સુપરફાસ્ટ ટ્રેન દોડશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૦૬**

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રવિવારે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે T20 ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલ મેચ રમાશે. આ મેચ જોવા માટે સમગ્ર દેશમાંથી દર્શકો અમદાવાદ આવી પહોંચશે. ત્યારે દર્શકોને અમદાવાદ આવવા માટે ટ્રાન્સપોર્ટેશન અંગે કોઈ તકલીફ ના રહે તે માટે ભારતીય રેલવે વિભાગદ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.રેલવે વિભાગ દ્વારા ૭થી૯ માર્ચ સુધી મુંબઈ અને અમદાવાદ વચ્ચે સુપર ફાસ્ટ ટ્રેન દોડાવાશે.

તેજસ અને AC સુપરફાસ્ટ ટ્રેનોની સુવિધા મુસાફરોને આપવામાં આવશે. મુંબઈથી અમદાવાદ સુધીના રૂટ પર સુરત, વડોદરા અને વાપીમાં ટ્રેનના મહત્વના સ્ટોપેજ આપવામાં આવ્યા છે. ક્રિકેટના હાઈ ફિવર વચ્ચે ટ્રેનના મુસાફરો માટે ઓનલાઈન બુકિંગ શરૂ કરવામાં આવ્યું છે. સ્પેશિયલ ટ્રેન માટે રેલવે વિભાગ સ્પેશિયલ ભાડા પર સંચાલન કરશે. IRCTCની વેબસાઈટ પરથી ટિકિટ ઓનલાઈન બુક કરાવી શકાશે. ૭ માર્ચના રાત્રે ૧૧.૪૫ વાગ્યે મુંબઈ સેન્ટ્રલથી સુપરફાસ્ટ તેજસ ટ્રેન ઉપડશે જે ૮ માર્ચના સવારે ૮.૩૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.૮ માર્ચના સવારે ૬.૨૦ કલાકે મુંબઈ સેન્ટ્રલથી છઝ સુપરફાસ્ટ ટ્રેન ડિપાર્ચર થશે જે બપોરે ૧૨.૪૦ના અમદાવાદ પહોંચશે. ૯ માર્ચના અમદાવાદથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે છઝ સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન થશે. મુસાફરોને બોરીવલી, વાપી, સુરત, ભરૂચ અને વડોદરા સ્ટોપેજ મળશે.

### શહેરમાં T20 WC ફાઈનલ મેચની અસર

# અમદાવાદ: હોટલોના ભાડા સાતમા આસમાને પહોંચ્યા

**અમદાવાદ આવતી ફ્લાઈટના ભાવમાં ધરખમ વધારો નોંધાયો છે : ફાઈનલ મેચને લઈને ઉત્સાહનો માહોલ**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૦૬**

ટી૨૦ વર્લ્ડકપની ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની છે. ટીમ ઈન્ડિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળશે. આ મેચને લઈને અમદાવાદ શહેરમાં અલગ જ માહોલ જામ્યો છે. દેશના અલગ અલગ રાજ્યોથી અને વિદેશથી પણ લોકો મેચ જોવા માટે આવી રહ્યા છે. ટીમ ઈન્ડિયાનું આગમન અમદાવાદમાં થઈ ગયું છે જે સિંધુ ભવન પર આવેલ તાજ હોટલમાં રોકાશે અને ન્યૂઝીલેન્ડની ટીમ વસ્ત્રાપુરની આઈટીસી નર્મદા હોટલમાં રોકાવાની છે.

જોકે આ બધા વચ્ચે હાલ અમદાવાદની હોટલોના ભાડાને જાણીને તમે નવાઈ પામી જશો. બહારથી આવી રહેલા લોકો અમદાવાદની હોટલોમાં રોકાશે તે વાત સામાન્ય છે. જેથી લોકોના આગમનની સાથે શહેરની હોટલોના રૂમના ભાડા પણ વધી ગયા છે. શહેરમાં આવેલ હોટલોમાં ૧૫ હજારથી ૮૯ હજાર સુધી પહોંચ્યા છે. લોકો જેમ બને તેમ બધી હોટલોના રૂમ બુક કરાવી રહ્યા છે. આવતીકાલ સુધીમાં હોટલોના રૂમ બુક થઈ જશે અને ભાડા વધી પણ શકે છે. અમદાવાદની હોટલોમાં એવરેજ




૧૦ હજાર જેટલા રૂમ છે. જેના ભાડા સામાન્ય દિવસોમાં ૫ થી ૧૫ હજાર સુધી હોય છે. ફાઈનલ મેચને લઈને ફ્લાઈટના ભાવમાં ધરખમ વધારો થયો છે. એરફેરમાં સામાન્ય દિવસ કરતા ૪ થી ૫ ગણો વધારો નોંધાયો છે.મુંબઈ અમદાવાદ વન વે ફેર ૧૭ હજાર અને રિટર્નના ભાવ ૧૨ હજાર,દિલ્હી અમદાવાદ વન વે ફેર ૧૩ હજાર અને રિટર્ન ૧૪ હજાર ચેન્નઈ-અમદાવાદ વન વે એર ફેર ૬ હજારથી ૧૭ હજાર થયું કોલકાતા-અમદાવાદનું એર ફેર ૫ હજારથી વધીને ૧૫ હજાર

આ સિવાય બિઝનેસ ક્લાસમાં તો ટિકિટના ભાવ ૩૫થી ૪૦ હજાર સુધી પહોંચી શકે છે. સામાન્ય રીતે માર્ચ મહિનામાં પરીક્ષાઓ હોવાથી એરફેર નીચા હોય છે. મુંબઈથી અમદાવાદની વાત કરીએ તો માર્ચમાં સામાન્ય દર ૨૫૦૦થી ૩ હજાર રૂપિયા સુધીનો હોય છે. પરંતુ આ વખતે ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલ મેચને કારણે ફ્લાઈટના ભાવ પણ સાતમા આસમાને પહોંચી ગયા છે.

ઉલ્લેખનીય છે કે ટીમ ઈન્ડિયા ફાઈનલમાં પહોંચ્યા બાદ દેશભરમાં ક્રિકેટ રસિકોમાં ઉત્સાહનો માહોલ છે. જેની અસર અમદાવાદમાં દેખાઈ રહી છે. શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટીમ ઈન્ડિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે કાંટાની ટક્કર થવાની છે. શનિવારે બંને ટીમો નરેન્દ્રમોદી સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરશે સાથે જ પ્રેસ કોન્ફરન્સ પણ કરવાની છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ મનહરભાઈ પટેલ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં

# ધરમપુરના ખાંડા ગામમાં આયુષ્યમાન આરોગ્ય મંદિરનો લોકાર્પણ સમારોહ યોજાયો

**વસંત ઋતુમાં જોવા મળતા સામાન્ય રોગોથી રક્ષણ કઈ રીતે મેળવવું તે અંગે માર્ગદર્શન અપાયું: ચૈત્ર માસમાં લીમડાના રસનું સેવન કરી આખુ વર્ષ સ્વસ્થ રહેવા માટે સૌને આહ્વાન કરાયું**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને નિયામક આયુષની કચેરી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા સંચાલિત આયુષ્યમાન આરોગ્ય મંદિર, ખાંડા, ધરમપુરના નવનિર્મિત મકાનના લોકાર્પણનો સમારોહ જિલ્લા પંચાયતના પ્રમુખ મનહરભાઈ પટેલ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

નવી દિશા નવી ઉંચાઈ લોકાર્પણ દ્વારા આયુષના વિકાસ સંકલ્પ સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સૌપ્રથમ ગણેશપૂજન કરી અને નવનિર્મિત મકાનનું પૂજન કરવામાં આવ્યું હતું. જિલ્લા આયુર્વેદ અધિકારી ડો.પૂર્વીબેન પટેલ દ્વારા જિલ્લામાં થતી વિવિધ આયુર્વેદિક શાખા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી સાથે જ આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાંડા ખાતે કરવામાં આવેલી અત્યાર સુધીની પ્રવૃત્તિઓ અંગે જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત કુદરતના આહલાદક વાતાવરણમાં જ્યારે પ્રકૃતિની નવી કુપણ ખીલી ઉઠી છે ત્યારે વસંત ઋતુમાં જોવા મળતા સામાન્ય રોગોથી રક્ષણ કઈ રીતે મેળવવું તે અંગે પણ જણાવવામાં આવ્યું હતું જેમાં ધાણી, ચણા, ગોળ વગેરે કફનું ક્ષમન કરતા આહાર અને વિહારનું સેવન કરવા જણાવ્યું હતું, આ ઉપરાંત ચૈત્રમાં લીમડાના રસનું સેવન કરી આખુ વર્ષ સ્વસ્થ રહેવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાંડા ખાતે કરવામાં આવતા વિવિધ કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી. સાથે જ લોકોને ચામડીના રોગો વૃદ્ધાવસ્થાના રોગો ડાયાબિટીસ, બ્લડપ્રેશર, થાઈરોઈડ, હરસ, મસા, સ્ત્રી રોગ, બાળકોના રોગ સહિતની વિવિધ બીમારીઓની સારવાર આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાંડા ખાતે મળે છે અને લોકો તેનો લાભ રહે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ યોગનું કલાત્મક નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

ધરમપુરના ધારાસભ્ય અને પ્રદેશ સંગઠનના ઉપાધ્યક્ષ અરવિંદભાઈ પટેલ દ્વારા લોકોને દિનચર્યા, ઋતુ ચર્યા, સામાન્ય આહાર નિયમો અને આસપાસની વનસ્પતિઓને જાણી અને મહત્તમ આયુર્વેદના ઉપયોગ થકી સ્વસ્થ રહેવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સમગ્ર સંચાલન સિવિલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડો.દિવ્યા સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ આરોગ્ય મંદિર ખાંડાના મેડિકલ ઓફિસર ડો.ભાવિન ચૌધરી દ્વારા કરવામાં આવી હતી. આ સાથે જ પારંપરિક નૃત્ય માંડળનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું. સાથે જ વિવિધ ચાર્ટ પ્રદર્શન વાનગી પ્રદર્શન અને વનસ્પતિ પ્રદર્શન પણ રાખવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા સંગઠન મહામંત્રી ગણેશ બિરારી, જિલ્લા પંચાયત સભ્ય કાકડ ગાવીત, ખાંડા ગામના સરપંચ જેસીંગ ચૌધરી, તલાટી રાયસીંગભાઇ, ધરમપુર તાલુકા સંગઠન મહામંત્રી મોહન ધાગલ, ધરમપુર તાલુકા ન્યાય સમિતિ અધ્યક્ષ લીલાબેન, પ્રાથમિક શાળાના આચાર્ય હિરલબેન, માજી તલાટી અશોકભાઈ, પાનવાના સરપંચ સતિષભાઈ, પી.આઈ.યુ ઈજનેર મિલનભાઈ, ફલધરાના સરપંચ ભુપેન્દ્રભાઈ, માજી તિજોરી અધિકારી એન.કે. પટેલ વગેરે હાજર રહ્યા હતા.

# ભદેલી ખાતે ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. મોરારજી દેસાઈની ૧૩૦મી જન્મજયંતિની કરાયેલી ઉજવણી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**

ભારતના પૂર્વ વડાપ્રધાન અને વલસાડ શહેરની નજીકમાં આવેલા ભદેલી ગામની ધરતી પર જન્મેલા પૂ.મોરારજી દેસાઈની ૧૩૦ મી જન્મ જયંતી ભદેલી ખાતે મોરારજી દેસાઈ સ્મારક હોલમાં સાદગી અને શિસ્તપૂર્વક ઉજવવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, સ્વ.મોરારજી દેસાઈની જન્મ તારીખ અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે લિપ યર મુજબ તારીખ ૨૯ મી ફેબ્રુઆરીએ આવે છે પરંતુ ગુજરાતી કેલેન્ડર મુજબ તેમનો જન્મ ધૂળેટીના દિવસે થયેલ હોઈ તેમની જન્મજયંતી અંગ્રેજી કેલેન્ડર મુજબ નહી પરંતુ ગુજરાતી કેલેન્ડર મુજબ તિથિ પ્રમાણે દર વર્ષે ધુળેટીને દિવસે ઉજવવામાં આવે છે.

આ પ્રસંગે મોરારજી દેસાઈ સ્મારક સમિતિના કાર્યકારી અધ્યક્ષ અને આ ગામના વતની તથા નિવૃત કલેક્ટર(આઈએએસ) આર.જે. પટેલે આ સમિતિના ગઠન પાછળના હેતુઓ સમજાવ્યા હતા. જે શાળામાં તેઓએ પ્રાથમિક શિક્ષણ લીધું હતું અને જે વડલાની નીચે તેઓએ બાળપણ વિતાવ્યું હતું તે જગ્યા હવે પવિત્ર યાત્રાધામ બની ગયું છે. આ વિસ્તારના બાળકો અને યુવાનોમાં શિસ્ત, પ્રમાણિકતા, સત્ય, સાદગી, નશાબંધી, સ્વચ્છતા તથા દેશપ્રેમના ગુણો વિકસે તે માટેનો આ દિવ્ય વારસો ઉજાગર થાય તેવા પ્રયાસો આ સમિતિ કરી રહેલ છે તેમ તેમણે જણાવ્યું હતું.

મુંબઈથી પધારેલ જાણીતા પત્રકાર વિનીત શુકલે એક પત્રકાર તરીકે તેઓના સાક્ષાત્કાર(ઈન્ટરવ્યુ) અંગેના સંસ્મરણો જણાવ્યા હતા તથા આ મહા માનવની સ્મૃતિઓ જાળવી રાખવાનો જે પ્રયાસ થયો છે તે માટે સમિતિ અને ગ્રામજનોને હૃદયપૂર્વકના અભિનંદન આપ્યા હતા.

આ પ્રસંગે શાળાના આચાર્ય અલ્પેશભાઈ લાડ તેમજ શાળાની બાળાઓ અને શિક્ષકોએ પૂજ્ય મહાત્મા ગાંધીજીના ભજન વૈષ્ણવ જન તો તેને રે કહીએ ગાઈને પ્રસંગને પ્રેરણાદાયી બનાવ્યો હતો.

કાર્યક્રમમાં ગામના મોહનભાઈ ટંડેલ અને શાળાની બાળાઓએ પ્રાસંગિક પ્રવચન અને માછી સમાજના અગ્રણી જગુભાઈ ટંડેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. ગામના અગ્રણી અને ગાંધીવાદી નટુભાઈ દેસાઈએ તેમની જૈફ ઉમર હોવા છતાં ઉપસ્થિત રહીને સૌને આશીર્વચન આપ્યા હતા. વલસાડના માજી મદદનીશ તિજોરી અધિકારી સુરેશભાઈ લાડે સમગ્ર કાર્યક્રમનું સંકલન અને આભારવિધિ શાળાના આચાર્ય અલ્પેશભાઈ લાડે કરી હતી. આ પ્રસંગે ભદેલીના સરપંચ અને ભદેલી દેસાઈ પાટીના ઉપસરપંચ તથા વિશાળ સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં રાષ્ટ્રગીત ગાઈને સમારંભને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# વલસાડની આર.એમ. એન્ડ વી.એમ. શાળાને ગુજરાત સરકારનો સ્વચ્છ વર્ડ રેન્કીંગમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**

વલસાડ સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત વલસાડ શહેરની જાણીતી અંગ્રેજી માધ્યમની શાળા આર.એમ. એન્ડ વી.એમ. ઈંગ્લિશ સ્કૂલને ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા મંથલી સ્વચ્છ વર્ડ રેન્કિંગમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે. શહેરી વિકાસ વિભાગ તરફથી આ અંગે શાળાને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવી છે.

શાળાને આ ગૌરવ પ્રાપ્ત થતા વલસાડ સાર્વજનિક કેળવણી મંડળના પ્રમુખ વિનોદચંદ્ર મગનલાલ દેસાઈ અને સેક્રેટરી દોલતભાઈ દેસાઈએ શાળાના એમ.ડી. અલ્પાબેન નાયક, શાળાના આચાર્ય જિજ્ઞાબેન ભટ્ટ, બિજલબેન પટેલ, શાળાના શિક્ષકો અને શાળા પરિવારને અભિનંદન આપ્યા છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, વલસાડ શહેરની જાણીતી આર.એમ. એન્ડ વી.એમ. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં મોટાભાગના વિદ્યાર્થીઓ ગરીબ અને પછાત વર્ગના અભ્યાસ કરે છે અને શાળાના સંચાલક મંડળ દ્વારા સૌથી ઓછી ફી લઈને અંગ્રેજી માધ્યમનું ઉચ્ચકક્ષાનું અને આધુનિક ટેક્નોલોજી સાથેનું શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત શાળાના સંચાલક મંડળના શિક્ષણપ્રેમી અને દાનવીર પ્રમુખ વિનોદચંદ્ર દેસાઈના સાર્વજનિક કેળવણી મંડળ તરફથી કોઈ પણ વિદ્યાર્થીઓ પાસેથી એડમિશન લેવા માટે એક પણ રૂપિયાનું ડોનેશન લેવામાં આવતું નથી. એટલે પૂર્વ પ્રાથમિક શાળાથી ધોરણ ૧૨ સુધી અભ્યાસ કરતા અંગ્રેજી માધ્યમના શિક્ષણ માટે ગરીબ અને પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે આ શાળા ખુબ જ આશીર્વાદરૂપ બની છે.

# ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા ગણદેવી ખાતે બે દિવસીય ‘સંવાદ બેઠક’ યોજાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૦૬**

ખાંડ સહકારી મંડળીઓ વધુ સક્ષમ બને તેમજ સહકારી ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન મળે તે હેતુસર બે દિવસીય ‘સંવાદ બેઠક’નું આયોજન નવસારી જિલ્લાના ગણદેવી સ્થિત ગણદેવી ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ.ખાતે કરવામાં આવ્યું હતુ. આ બેઠકનું આયોજન નિયામક (ખાંડ તંત્ર), ગાંધીનગર તથા જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળી, નવસારી દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

આ સંવાદ બેઠકનો મુખ્ય હેતુ ખાંડ સહકારી ક્ષેત્રના વિકાસ અંગે માર્ગદર્શન આપવુ, મંડળીઓની કાર્યક્ષમતા વધારવા અંગે ચર્ચા કરવી તેમજ વિવિધ પ્રશ્નો અને પડકારોને લઈને વિચાર વિમર્શ કરવો રહ્યો હતો. બેઠક દરમિયાન ખાંડ ઉદ્યોગ સાથે સંકળાયેલા પ્રશાસકીય અને તકનીકી મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે નિયામકશ્રી (ખાંડ તંત્ર), ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી નવસારી, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી વલસાડ, જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી સુરત તથા જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી નર્મદા ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરાંત ગણદેવી, મહુવા, કોપર, વ્યારા, નર્મદા, બારડોલી, ચલથાણ, વડોદરા, સાયણ, મઢી અને પંડવાઈ સહિત વિવિધ સુગર મિલોના મેનેજિંગ ડાયરેક્ટર તથા એગ્રીકલ્ચર ઓફિસરો પણ હાજર રહ્યા હતા.

બેઠક દરમિયાન ખાંડ સહકારી મંડળીઓની કામગીરીને વધુ કાર્યક્ષમ બનાવવાના માર્ગો, ખેડૂતોને વધુ લાભદાયી યોજનાઓ સાથે જોડવાના પ્રયાસો તેમજ ખાંડ ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે સંકલિત પ્રયત્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ સંવાદ બેઠક સહકારી ખાંડ ઉદ્યોગને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું સાબિત થશે તેવી લાગણી ઉપસ્થિતોએ વ્યક્ત કરી હતી.

# ઉમરગામના અંકલાસ ગામમાં મણિબા પ્રાકૃતિક કેન્દ્ર ખાતે ખેડૂતોને તાલીમ અપાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના અંકલાસ ગામમાં સ્થિત મણિબા પ્રાકૃતિક કેન્દ્ર ખાતે કપરાડા તાલુકાના ખેડૂતોએ વિઝિટ લઈ પ્રાકૃતિક ખેતીના સિધ્ધાંતો આચ્છાદાન, બીજામૃત, જીવામૃત, મિશ્ર પાક પધ્ધતિ અને વાફસા વિશે માહિતી મેળવી હતી. મણિબા પ્રાકૃતિક કેન્દ્રના માલિક અને આત્મા પ્રોજેક્ટના માસ્ટર ટ્રેનર હસમુખભાઈ પટેલે ખેડૂતોને મિશ્ર પાક પધ્ધતિમાં ઓછા ખર્ચે ઉત્પાદન વધુ કેવી રીતે મેળવવુ અને ઓછા પાણીએ વધુ ઉત્પાદન કેવી રીતે મળે, પાણીનો બચાવ કેવી રીતે કરવો તેની વિસ્તૃત માહિતી આપી હતી. જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના ચેરમેન ભરતભાઈ જાધવે આંબા પાકની નીચે હળદરની ખેતી અંગે માહિતી મેળવી હતી. આ અંગે માસ્ટર ટ્રેનર હસમુખભાઈ પટેલે સમજાવ્યુ કે, જો આંબા પાક નિષ્ફળ જાય તો નીચે રોપેલી હળદર અને શક્કરિયામાંથી પણ આવક મેળવી શકાય છે. જેથી પ્રાકૃતિક ખેતીમાં મિશ્ર પાકની પધ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# ઉમરગામમાં ઝોન સ્તરીય મહિલા સંત સમાગમ સંપન્ન

**આધ્યાત્મિક સમાગમમાં સુરત ઝોનના સાત સેક્ટરોમાંથી આશરે ૫૦૦૦થી વધુ મહિલાઓએ ભાગ લઈને આત્મિક ઉન્નયનની પ્રેરણા પ્રાપ્ત કરી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૬**

સત્‌ગુરુ માતા સુદીક્ષાજી મહારાજના દિવ્ય માર્ગદર્શન તથા પાવન આશીર્વાદથી સંત નિરંકારી મિશનના નેજા હેઠળ સુરત ઝોન દ્વારા ઉમરગામ ખાતે રામ કૃષ્ણા ક્રિકેટ મેદાન, સોળસુંબામાં ભવ્ય ઝોન સ્તરીય મહિલા સંત સમાગમનું આયોજન અત્યંત શ્રદ્ધા, ઉત્સાહ તથા આધ્યાત્મિક ગરિમા સાથે સંપન્ન થયું.

આ આધ્યાત્મિક સમાગમમાં સુરત ઝોનના સાત સેક્ટરોમાંથી આશરે ૫૦૦૦થી વધુ મહિલાઓએ ભાગ લઈને આત્મિક ઉન્નયનની પ્રેરણા પ્રાપ્ત કરી. વાતાવરણ ભક્તિ, સમર્પણ તથા આધ્યાત્મિક ચેતનાથી ભરપૂર રહ્યું.




જામનગરથી પધારેલા નિરંકારી જ્ઞાન પ્રચારક બહેન જ્યોતિ કમલએ સત્‌ગુરુ માતા સુદીક્ષાજી મહારાજનો સંદેશ સત્સંગ સમક્ષ રજૂ કરતાં કહ્યું કે, મહિલા સશક્તિકરણ માત્ર સામાજિક કે આર્થિક ઉન્નતિ સુધી મર્યાદિત નથી, પરંતુ તેનું વાસ્તવિક સ્વરૂપ આત્મિક જાગૃતિ તથા અંતરમનની પવિત્રતામાં રહેલું છે.

તેમણે કહ્યું કે જો ઘર-પરિવાર તથા સમાજમાં સૌહાર્દ, સમરસતા તથા આનંદમય વાતાવરણ સ્થાપિત કરવું હોય તો આધ્યાત્મિક મૂલ્યોને જીવનમાં આત્મસાત કરવું જરૂરી છે. પરમાત્માએ આપણને વાણીરૂપી અમૂલ્ય વરદાન આપ્યું છે, તેથી તેનો સદુપયોગ કરીને ઈશ્વરનું ગુણગાન કરીએ, નિંદા કે ટીકા નહીં.

તેમના પ્રેરણાદાયી ઉદ્‌બોધનમાં ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, જેમ ખાલી ઘરમાં ચોર પ્રવેશી જાય છે, તેમ જ્યારે મનુષ્ય પોતાના જીવનમાંથી ઈશ્વર-સ્મરણને દૂર કરી દે છે, ત્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર તથા ઈર્ષ્યા જેવા અવગુણ મનમાં પ્રવેશી જાય છે. આથી જરૂરી છે કે આપણે નિરાકાર પ્રભુ સાથે અટૂટ સંબંધ જાળવી રાખીએ તથા સત્‌ગુરુના વચનોને જીવનની પ્રાથમિકતા બનાવીએ. આનાથી જીવન સહજ, સરળ તથા સાર્થક બને છે. સમાગમ દરમિયાન ગીતો, ભજનો, કવિતાઓ તથા આધ્યાત્મિક વિચારો દ્વારા મિશનની માનવીય તથા સાર્વભૌમિક શિક્ષણોને સજીવ રૂપમાં રજૂ કરવામાં આવ્યા. કાર્યક્રમનો દરેક ક્ષણ ભક્તિ-ભાવ, આધ્યાત્મિક ઊર્જા તથા સકારાત્મક ચેતનાથી ઓતપ્રોત રહ્યો.

અંતમાં ઉમરગામના સંયોજક શ્રી કિશોરભાઈ દેસાઈએ જામનગરથી પધારેલા બહેન જ્યોતિ કમલનું સ્વાગત કર્યું તથા ઉપસ્થિત સમસ્ત સાધ-સંગત પ્રત્યે હાર્દિક આભાર વ્યક્ત કર્યો.

# આજે વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજ ખાતે ભરતી કેમ્પ યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૬**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, કેસીજીના માર્ગદર્શન હેઠળ વલસાડ તીથલ રોડ ખાતે આવેલી શાહ એન.એચ. કોમર્સ કોલેજ ખાતે તા.૭ માર્ચ ૨૦૨૬ને શનિવારના રોજ સવારે ૯ થી સાંજે ૫ કલાક સુધી કર્મચારી ભરતી કેમ્પ, પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં ઝોન ૪ નોડ ૪ વલસાડ જિલ્લાની કુલ ૧૪ જેટલી કોલેજના આર્ટસ, કોમર્સ, ડિગ્રી એન્જિનિયરિંગ, ડિપ્લોમા એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટના સ્ટુડન્ટ ખૂબ જ મોટી સંખ્યામાં વિવિધ પોસ્ટ માટે ઈન્ટરવ્યૂ આપવાની પ્રક્રિયામાં ભાગ લેશે.

આ ભરતી કેમ્પમાં વલસાડ જિલ્લાની ગુંદલાવ, પારડી, ઉમરગામ વાપીની ઈન્ડસ્ટ્રીઝ તથા વિવિધ એજન્સીઓ અને સંસ્થાઓ કર્મચારીઓની વિવિધ પોસ્ટ માટે ભરતી કરવા માટે આવનાર છે. અહીં ૨૩૦ થી વધુ સંસ્થાઓએ પોતાનું રજીસ્ટ્રેશન ભરતી કેમ્પમાં ભાગ લેવા માટે અગાઉથી કરી દીધું છે તથા બાકીની સંસ્થાઓ કેમ્પના દિને આવી ‘‘ઓન ધ સ્પોટ’’ રજીસ્ટ્રેશન કરશે અને ઈન્ટરવ્યૂ લેવાની પ્રક્રિયામાં ભાગ લેશે.

નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો...
દિપક સોલંકી - 98796 87316

# વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# હવે સમય આવી ગયો છે કે, ભારત ઊર્જાના મામલે આત્મનિર્ભર બનવાના પ્રયાસો વધારવા પર ધ્યાન આપે

**ભારત સરકારે ક્રુડ કે પેટ્રોલિયમ પેદાશોના વ્યૂહાત્મક ભંડારનો વિસ્તાર કરીને યુદ્ધ જેવી કટોકટીની સામે સજ્જતા વધારવાનાં પગલાં પર પણ હવે ગંભીરતા સાથે ધ્યાન આપવાની જરૂરત છે**

સતત વિકાસ સાધી રહેલા અને દુનિયામાં સૌથી વધુ વસ્તી ધરાવતા ભારતની સામે ફરી એક વખત ઈંધણની કટોકટીનું જોખમ ઊભું થયું છે. અમેરિકા અને ઈઝરાયલના આક્રમણની સામે વળતા હુમલા કરી રહેલા ઈરાને આસપાસના તેલ સમૃદ્ધ આરબ દેશોને જે રીતે નુકસાન પહોંચાડવાનું શરૂ કર્યું છે તેનાથી દુનિયામાં અને તેમાં પણ ભારતમાં ક્રુડ તેલના પુરવઠા પર અસર પડી રહી છે. ભારત સરકારે આ પડકારને પહોંચી વળવા કમર કસી લીધી હોવાના સંકેત મળી રહ્યા છે.

મળતા અહેવાલ મુજબ રશિયા પાસેથી વધુ ક્રુડ ખરીદીને અખાતના દેશોની ખાધને સરભર કરવાની વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. આવામાં ઈંધણના પુરવઠાને જાળવવા કાયમી વિકલ્પ હાથવગા રાખવાની સાથોસાથ ક્રુડના મામલે આત્મનિર્ભરતા વધારવાનાં પગલાંની તાકીદની અનિવાર્યતા છતી થઈ છે. આમ તો સરકારના ટોચનાં વર્તુળોએ દાવો કર્યો છે કે, ભારત પાસે ૨૫ દિવસના ક્રુડ તેલ અને ઈંધણનો જથ્થો ઉપલબ્ધ છે. જો કે, સ્થિતિની ગંભીરતાને અનુરૂપ પેટ્રોલિયમ મંત્રાલયે ૨૪ કલાક નજર રાખવાનું શરૂ કર્યું છે. જો કે, નિષ્ણાતો માને છે કે, ભારત જેવા વિશાળ દેશમાં ૨૫ દિવસનો ઈંધણ કે ક્રુડનો જથ્થો મધ્યમ ગણી શકાય. ખરેખર તો ક્રુડના જથ્થાના પુરવઠાની ચેઈન, ભાવો અને રાજદ્વારી અસરો પણ આ ચક્રનો ભાગ બની રહે છે. તેવામાં પુરવઠો ઓછો થાય કે ભાવો વધે તેની અસર છેક છેવાડાના નાગરિકોના આર્થિક ગણિત પર પડી જતી હોય છે. ભારત વિશ્વમાં ક્રુડ તેલની આયાતમાં ત્રીજા ક્રમે છે. આમાંથી દેશની ૫૦ ટકા આયાત અખાતના દેશોમાંથી થાય છે. જાન્યુઆરી મહિનાના આંકડા મુજબ ભારતે રોજનું ૨૭.૪ લાખ બેરલ તેલ આ દેશોમાંથી આયાત કર્યું હતું. હાલત એવી છે કે, આ અશાંત પરિસ્થિતિમાં પુરવઠા ઉપરાંત હોર્મુઝની ખાડીમાં હુમલાના ભય તળે દરિયાઈ પરિવહન પર અસર પડી છે. આવનારા દિવસોમાં પુરવઠો અને પરિવહન ફરી પાટે ચડે એવી આશા રખાઈ રહી છે. આમ છતાં આવા સંજોગોમાં તેલના ભાવો તો વધી જશે એ વાત નક્કી મનાઈ રહી છે, તેલના ભાવો વધે તો તેની અસર સરકારનાં બજેટથી માંડીને સામાન્ય માનવીના ખીસ્સા સુધી પડશે. ભારતે ગયા નાણાકીય વર્ષ દરમ્યાન ક્રુડતેલની આયાત પાછળ ૧૩૭ અબજ ડોલર ખર્ચ્યા હતા. ઈરાકની ઉપર અમેરિકાનું આક્રમણ હોય કે કુવૈત પર ઈરાકનો કબજો હોઈ દરેક વખતે દુનિયામાં ક્રુડ તેલની અછત અને ભાવોમાં વધારાનો પડકાર ઊભો થતો રહ્યો છે. આમાં ભારતને સૌથી વધુ વેઠવું પડતું રહ્યું છે. હવે સમય આવી ગયો છે કે, ભારતે ઊર્જાના મામલે આત્મનિર્ભર થવાના પ્રયાસોને વધારવા પર ધ્યાન આપવાની જરૂરત છે. ભારતે વૈકલ્પિક ઊર્જા, ગ્રીન હાઈડ્રોજન, ઈલેક્ટ્રિક વાહનો જેવા પ્રોજેક્ટનાં ચલણનો વ્યાપ વધારીને પેટ્રોલિયમના પડકારનો માર્ગ શોધી શકાય. તેની સાથોસાથ ક્રુડ કે પેટ્રોલિયમ પેદાશોના વ્યૂહાત્મક ભંડારનો વિસ્તાર કરીને આવી કટોકટીની સામે સજ્જતા વધારવાનાં પગલાં પર પણ સરકારે હવે ગંભીરતા સાથે ધ્યાન આપવાની જરૂરત છે.

## અંકલેશ્વરમાં ગેસની અછત

# મોરબીના સિરામિક ઉદ્યોગને પ્રોપેન ગેસનો સપ્લાય ઠપ

**મોરબીમાં સેંકડો કારખાનાઓને તાળાં વાગવાની ભીતિઃ ૩ લાખ શ્રમિકોની રોજગારી પર સંકટ**

**બીજી બાજુ, ગેસની અછતની ગંભીરતાને ધ્યાને રાખી સિરામિક મેન્યુફેક્ચરિંગ એસોસિયેશનના હોદ્દેદારોએ ગુજરાત ગેસ કોર્પોરેશનની કચેરીએ રજૂઆત કરતા સંબંધિત અધિકારીઓએ હાલમાં ગેસનો પૂરતો સ્ટોક હોવાનું ઉદ્યોગકારોને આપેલું આશ્વાસન**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મોરબી, અંકલેશ્વર, તા.૦૬**

પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વણસેલી યુદ્ધની સ્થિતિની સીધી અસર હવે ગુજરાતના અર્થતંત્રના મહત્વના ગણાતા મોરબીના સિરામિક ઉદ્યોગ પર જોવા મળી રહી છે. આંતરરાષ્ટ્રીય તણાવને કારણે પ્રોપેન ગેસનો પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ જતાં સિરામિક એકમો માટે અસ્તિત્વનું સંકટ ઊભું થયું છે. ઈંધણના અભાવે આગામી ૨૪થી ૪૮ કલાકમાં મોટાભાગના કારખાનાઓ બંધ થઈ જવાની શક્યતા છે, જેના કારણે લાખો પરિવારોની આજીવિકા પર જોખમ તોળાઈ રહ્યું છે. તો અમેરિકા-ઈરાન યુદ્ધને લઈ હવે અંકલેશ્વર જિલ્લાના ઉદ્યોગોમાં એલએનજી ગેસની અછત શરૂ થઈ છે. અમેરિકા-ઈરાન- ઈઝરાયલ યુદ્ધ થી એલએનજી સપ્લાય ઘટ્યો છે. ગુજરાત ગેસ દ્વારા ગેસ સપ્લાય કરાર હેઠળ "ફોર્સ મેજર" જાહેર કરીને ઉદ્યોગોને ગેસના વપરાશમાં મર્યાદા રાખવા જણાવ્યું હતું. જિલ્લાના તેમજ અંકલેશ્વરના ઉદ્યોગોમાં ઉત્પાદન પર અસરની સંભાવના વધી રહી છે.

મોરબી સિરામિક એસોસિયેશનના પ્રમુખ હરેશ બોપલિયાએ મીડિયાને જણાવ્યું હતું કે, મોરબીમાં આશરે ૬૦૦ જેટલા સિરામિક એકમો કાર્યરત છે જે મુખ્યત્વે પ્રોપેન અને નેચરલ ગેસ પર નિર્ભર છે. યુદ્ધની સ્થિતિના પગલે સપ્લાય એજન્સીઓએ બે દિવસથી ઓર્ડર લેવાનું બંધ કર્યું છે અને કંડલા પોર્ટ પરથી ટેન્કર ભરવાની પ્રક્રિયા પણ થંભી ગઈ છે. હાલ ઉદ્યોગકારો પાસે માત્ર ૪૮ કલાક ચાલે તેટલો જ જથ્થો ઉપલબ્ધ છે, જે પૂર્ણ થતાં ઉત્પાદન ફરજિયાતપણે બંધ કરવું પડશે. આ ઉદ્યોગ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જોડાયેલા આશરે ૩ લાખ જેટલા શ્રમિકોની રોજગારી પર પ્રશ્નાર્થ ઊભો થયો છે. જો લાંબા સમય સુધી આ સ્થિતિ જળવાઈ રહેશે તો કારખાનેદારોને લોનના હપ્તા ભરવામાં પણ મુશ્કેલી પડી શકે તેમ છે. આ આર્થિક સંકટ માત્ર સિરામિક જ નહીં, પરંતુ તેની સાથે જોડાયેલા અન્ય નાના-મોટા આનુષંગિક ઉદ્યોગોને પણ અસર કરશે, જેનાથી સમગ્ર મોરબીની અર્થવ્યવસ્થા ડામાડોળ થવાની ભીતિ છે. બીજી તરફ, ગેસની અછતની ગંભીરતાને ધ્યાને રાખીને સિરામિક મેન્યુફેક્ચરિંગ એસોસિયેશનના હોદ્દેદારોએ ગુજરાત ગેસ કોર્પોરેશનની કચેરીએ દોડી જઈ રજૂઆત કરી હતી. સંબંધિત અધિકારીઓએ જણાવ્યું હતું કે, હાલમાં ગેસનો પૂરતો સ્ટોક હોવાનું આશ્વાસન ઉદ્યોગકારોને આપવામાં આવ્યું છે. જોકે, ગુજરાત ગેસ પાસે વાસ્તવમાં કેટલો જથ્થો ઉપલબ્ધ છે તેની કોઈ સત્તાવાર વિગતો જાહેર ન કરાતા ઉદ્યોગ જગતમાં હજુ પણ અનિશ્ચિતતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

અમેરિકા-ઈરાન-ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ જેવી પરિસ્થિતિને કારણે ગુજરાત ગેસ કંપની દ્વારા અંકલેશ્વર જિલ્લાના ઔદ્યોગિક એકમોને અપાતા ગેસ સપ્લાયમાં ઘટાડો થવાની સંભાવના છે. આનાથી ઉત્પાદન પર સીધી અસર પડી શકે છે. અખાતી દેશોમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક ઊર્જા સપ્લાય ચેઈન પર અસર પડી રહી છે, ખાસ કરીને અંકલેશ્વર, પાનોલી , ઝગડીયા ઉદ્યોગકારો માટે ગેસ પુરવઠામાં ઘટાડાની શક્યતા ઊભી થઈ છે. ગુજરાત ગેસ કંપનીએ ઉદ્યોગોને મોકલેલી સૂચના મુજબ, એલએનજી ગેસની ઉપલબ્ધતા ઘટવાને કારણે ગેસ પુરવઠો લગભગ ૫૦ ટકા સુધી ઘટાડવામાં આવી શકે છે. કંપનીએ ગેસ સપ્લાય કરાર હેઠળ "ફોર્સ મેજર" જાહેર કરીને ઉદ્યોગોને ગેસના વપરાશમાં મર્યાદા રાખવા જણાવ્યું છે.

## વૈશ્વિક નબળા સંકેતો વચ્ચે શેરબજારમાં વેચવાલીનો માહોલ ....!!!

# ક્રુડ ઓઈલના ભાવમાં વધારાથી વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મોંઘવારીનું દબાણ વધવાની શક્યતા

ભારતીય શેરબજારમાં તાજેતરના ટ્રેડિંગ સેશન દરમિયાન નબળાઈનો માહોલ જોવા મળ્યો હતો. વૈશ્વિક બજારોમાંથી મળેલા નકારાત્મક સંકેતો, વધતા જીઓપોલિટિકલ તણાવ અને વિદેશી સંસ્થાગત રોકાણકારોની વેચવાલી બજારના સેન્ટિમેન્ટને અસર કરતી મુખ્ય બાબતો બની. મુખ્ય સૂચકાંકો દિવસ દરમિયાન અસ્થિરતા સાથે ટ્રેડ થયા હતા અને ઘણા સેક્ટરમાં વેચવાલીનું દબાણ નોંધાયું હતું.

બજારમાં ખાસ કરીને મિડકેપ અને સ્મોલકેપ સ્ટોક્સમાં નફાવસૂલ પ્રવૃત્તિ વધુ જોવા મળી હતી, જેના કારણે માર્કેટ બ્રેડ્થ પણ નબળી રહી હતી. બજારમાં વ્યાપક નબળાઈ હોવા છતાં કેટલાક સેક્ટરમાં પસંદગી આધારિત તેજી જોવા મળી હતી.આઈટી, એફએમસીજી અને ડિફેન્સ જેવા ડિફેન્સિવ સેક્ટરમાં રોકાણકારોનો રસ યથાવત રહ્યો. આ સેક્ટરના મજબૂત ફંડામેન્ટલ અને સ્થિર આવક મોડલના કારણે બજારની અસ્થિરતા વચ્ચે પણ તેઓ તુલનાત્મક રીતે સ્થિર રહ્યા.

**બીએસઈ સેન્સેક્સ:** ટ્રેડિંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૮૦,૦૧૫ સામે ૭૯,૬૫૮ પોઈન્ટના મથાળેથી ખુલીને નફારૂપી વેચવાલી દ્વારા ૭૮,૮૧૨ પોઈન્ટના નીચા મથાળે જોવા મળેલ. સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો. દિવસ દરમ્યાન સરેરાશ ૯૪૧ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૧૦૯૭ પોઈન્ટના ઘટાડા સાથે ૭૮,૯૧૮ પોઈન્ટ બંધ થયેલ...!!!

**નિફ્ટી ફ્યુચર:** ટ્રેડિંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૨૪,૮૫૪ સામે ૨૪,૬૮૯ પોઈન્ટના મથાળેથી ખુલીને સ્ટોક સ્પેસિફીક ઘટાડો નોંધાવી ૨૪,૫૦૦ પોઈન્ટના નીચા મથાળા સુધી જોવા મળ્યો હતો. નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર વેચવાલીનો માહોલ જોવા મળ્યો હતો. સરેરાશ ૨૭૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૨૮૯ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૫૬૫ પોઈન્ટ બંધ થયો હતો...!!!

**બજારમાં મંદીના મુખ્ય કારણો:** બજારમાં જોવા મળેલી નબળાઈ માટે વૈશ્વિક પરિબળો મુખ્યત્વે જવાબદાર રહ્યા. મધ્યપૂર્વ વિસ્તારમાં વધતાજી ઓપોલિટિકલ તણાવ, ખાસ કરીને અમેરિકા અને ઈરાન વચ્ચે વધતી તણાવપૂર્ણ પરિસ્થિતિએ વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતા ઊભી કરી છે. આ ઉપરાંત ક્રુડ ઓઈલના ભાવમાં વધારાથી ભારત જેવી આયાત આધારિત અર્થવ્યવસ્થાઓ માટે ખર્ચ વધવાની શક્યતા ઊભી થઈ છે. ડોલર સામે રૂપિયાની નબળાઈ અને વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવતી સતત વેચવાલી પણ બજાર પર દબાણ લાવતી જોવા મળી હતી.

**તેજી માટેના આધારભૂત પરિબળો :** બજારમાં ટૂંકા ગાળે નબળાઈ હોવા છતાં કેટલાક પરિબળો લાંબા ગાળે સકારાત્મક માનવામાં આવે છે. સ્થાનિક સંસ્થાગત રોકાણકારો દ્વારા કરવામાં આવતી ખરીદી બજારને મહત્ત્વપૂર્ણ સપોર્ટ આપી રહી છે. ભારતની અર્થવ્યવસ્થાની મજબૂત વૃદ્ધિ, સરકાર દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં વધતા ખર્ચ અને ઉત્પાદન ક્ષેત્રમાં સુધારો બજાર માટે લાંબા ગાળે સકારાત્મક છે. કેટલાક લાર્જકેપ સ્ટોક્સમાં પણ પસંદગી આધારિત ખરીદી જોવા મળી હતી.


રોકાણકારોની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટર®
www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
+91 99390 80808

**માર્કેટ બ્રેડ્થ:** માર્કેટ બ્રેડ્થ નકારાત્મક જોવા મળી હતી. વધતા શેરોની સરખામણીએ ઘટતા શેરોની સંખ્યા નોંધપાત્ર રીતે વધુ રહી હતી. એનએસઈ અને બીએસઈ બંને એક્સચેન્જમાં ડિકલાઈનિંગ સ્ટોક્સનું પ્રમાણ વધારે રહ્યું, જે બજારમાં વ્યાપક વેચવાલી તરફ ઈશારો કરે છે. મિડકેપ અને સ્મોલકેપ સેગમેન્ટમાં ખાસ કરીને વધુ દબાણ જોવા મળ્યું હતું.

નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક મુવમેન્ટ




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 09.02.2026 TO 13.02.2026 | 25735.10 | 25921.00 | 26068.00 | 25476.50 | 25518.80 | -216.30 |
| 16.02.2026 TO 20.02.2026 | 25518.80 | 25455.00 | 25877.00 | 25389.70 | 25584.70 | 65.90 |
| 23.02.2026 TO 27.02.2026 | 25635.80 | 25570.00 | 25817.80 | 25286.10 | 25341.00 | -294.80 |
| 02.03.2026 TO 06.03.2026 | 25338.60 | 25100.00 | 25151.00 | 24427.00 | 24565.20 | -773.40 |

**વૈશ્વિક બજારોની અસર:** અમેરિકા, યુરોપ અને એશિયાના મુખ્ય શેરબજારોમાંથી મળેલા મિશ્ર સંકેતો ભારતીય બજાર પર અસરકારક રહ્યા. વૈશ્વિક સ્તરે વ્યાજદર અંગેની અનિશ્ચિતતા, ઊંચા બોન્ડ યીલ્ડ અને મજબૂત ડોલર ઉભરતા બજારો માટે પડકારરૂપ બની રહ્યા છે. રોકાણકારો હાલમાં સલામત રોકાણ તરીકે ગોલ્ડ તરફ વળતા જોવા મળે છે. વૈશ્વિક બજારમાં વધતી અસ્થિરતાના કારણે ઉદ્ભવતા બજારોમાં ફંડ ફ્લો પર અસર થઈ રહી છે.

**સ્થાનિક પરિબળો :** સ્થાનિક સ્તરે મોંઘવારી, કરન્સી મૂવમેન્ટ અને વિદેશી ફંડ ફ્લો બજારની દિશા નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે. વિદેશી સંસ્થાગત રોકાણકારો દ્વારા કરવામાં આવતી સતત વેચવાલી બજાર માટે નકારાત્મક છે, જ્યારે સ્થાનિક સંસ્થાગત રોકાણકારોની ખરીદી થોડો સંતુલન જાળવી રાખે છે. ભારતની લાંબા ગાળાની આર્થિક વૃદ્ધિની સંભાવનાઓ મજબૂત હોવા છતાં ટૂંકા ગાળે વૈશ્વિક પરિસ્થિતિઓના કારણે અસ્થિરતા વધી રહી છે.

**સેક્ટરવાઈઝ મૂવમેન્ટ:** સેક્ટરવાઈઝ મૂવમેન્ટમાં મેટલ, ઓઈલ અને ગેસ, પીએસયુ બેન્ક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. વૈશ્વિક માંગમાં અનિશ્ચિતતા અનેકોમોડિટી ભાવમાં ઉતાર-ચઢાવના કારણે મેટલ સેક્ટર પર ખાસ અસર થઈ હતી. બીજી તરફ આઈટી અને એફેમસીજી જેવા ડિફેન્સિવ સેક્ટરમાં તુલનાત્મક રીતે સ્થિરતા જોવા મળી હતી. રોકાણકારો હાલમાં મજબૂત ફંડામેન્ટલ ધરાવતા સ્ટોક્સ તરફ વધુ ધ્યાન આપી રહ્યા છે.

**કોમોડિટી બજાર અપડેટ:** કોમોડિટી બજારમાં ગોલ્ડ અને સિલ્વરના ભાવમાં તેજી જોવા મળી છે. વૈશ્વિક અનિશ્ચિતતા અને જીઓપોલિટિકલ તણાવના કારણે રોકાણકારો ગોલ્ડને સલામત રોકાણ તરીકે પસંદ કરી રહ્યા છે. સિલ્વરમાં પણ તેની સાથે વધારો નોંધાયો છે. બેઝ મેટલ્સમાં વૈશ્વિક માંગ અને ચીનના આર્થિક ડેટાના આધારે ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યા છે. ક્રુડ ઓઈલના ભાવમાં વધારાથી વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મોંઘવારીનું દબાણ વધવાની શક્યતા છે.

**આગામી ટ્રેન્ડ અને બજાર દિશા:** આગામી દિવસોમાં બજારની દિશા મુખ્યત્વે વૈશ્વિક પરિબળો પર આધારિત રહેશે. અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ, ક્રુડ ઓઈલના ભાવમાં ચળવળ, અમેરિકાની મોનેટરી પોલિસી અને વિદેશી રોકાણકારોના ફંડ ફ્લો બજાર માટે મહત્વપૂર્ણ રહેશે. જો વૈશ્વિક પરિસ્થિતિ વધુ તણાવપૂર્ણ બને તો બજારમાં વધુ અસ્થિરતા જોવા મળી શકે છે. જોકે પરિસ્થિતિ સ્થિર થાય તો ટેકનિકલ રિકવરી અને પસંદગી આધારિત ખરીદી જોવા મળી શકે છે.

કુલ મળીને જોવામાં આવે તો હાલ ભારતીય શેરબજાર ટૂંકા ગાળે દબાણ હેઠળ છે. વૈશ્વિક અનિશ્ચિતતા અને વિદેશી ફંડ ફ્લો બજારને અસર કરી રહ્યા છે. તેમ છતાં ભારતના મજબૂત આર્થિક ફંડામેન્ટલ, વધતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણ અને લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ બજાર માટે સકારાત્મક પરિબળ બની શકે છે. અસ્થિર બજારમાં રોકાણકારોએ સાવચેતીપૂર્વક અને પસંદગી આધારિત રોકાણ કરવાની વ્યૂહરચના અપનાવવી યોગ્ય રહેશે.

**ડિસ્કલેમર/પોલીસી/શરતો www.nikhilbhatt.inને આધીન...!!!** સિક્યોરિટીઝ માર્કેટમાં રોકાણ બજારના જોખમોને આધીન છે. રોકાણ/વેપાર કરતા પહેલાં www.nikhilbhatt.in પર ઉલ્લેખિત ડિસ્ક્લેમર અને તમામ સંબંધિત દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો અને સંમત થાઓ.

## ઈરાનની જાહેરાતથી ભારતને રાહતઃ ઓઈલની આયાતની શક્યતા વધી

# અમેરિકા, ઈઝરાયેલ અને યુરોપના દેશોના ઓઈલ ટેન્કર નહીં પસાર થવા દઈએઃ ઈરાન

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૬**

ઈરાને હોર્મુઝની ખાડીમાંથી ઓઈલ ટેન્કરના પરિવહન પર મુકેલાં પ્રતિબંધને પગલે ભારત સહિત વિશ્વના તમામ દેશોમાં ચિંતાનું મોજું પ્રસરી જવા પામ્યું હતું. જોકે હવે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી)એ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, માત્ર અમેરિકા, ઈઝરાયેલ, યુરોપ તથા તેમના પશ્ચિમ સહયોગી દેશો માટે જ હોર્મુઝની ખાડી બંધ કરી છે. ઈરાનના આ નિવેદનને પગલે ભારત માટે ઓઈલની આયાત માટે નવી આશા જન્મી છે.

આઈઆરજીસીએ જણાવ્યું હતું કે, અમે અગાઉ પણ એ બાબત સ્પષ્ટ કરી હતી કે, આંતરરાષ્ટ્રીય કાયદા અને સંલગ્ન ઠરાવો મુજબ યુદ્ધના સમય દરમિયાન હોર્મુઝની ખાડીમાં જહાજોનું નિયમન કરવાનો ઈરાનનો અબાધિત અધિકાર છે. આ સમુદ્રી માર્ગમાંથી પસાર થનારા અમેરિકા, ઈઝરાયેલ, યુરોપ તથા પશ્ચિમી દેશોના તેમના સહયોગીઓના જહાજોને ચોક્કસપણે તોડી પાડવામાં આવશે. જોકે, ઈરાને જણાવ્યું હતું કે, તે માત્ર ચાઈનીઝ ધ્વજ ધરાવતાં જહાજોને જ હોર્મુઝની ખાડીમાંથી પસાર થવાની મંજૂરી આપશે. વિદેશી બાબતોના નિષ્ણાતોના જણાવ્યાં અનુસાર ચીન સાથેના ઈરાનના સંબંધોને પગલે આ મંજૂરી અપાઈ છે. હોર્મુઝની ખાડી ઈરાનના અખાતમાંથી તેલના પરિવહનનો એક માત્ર માર્ગ હોવાથી ઈરાનનો આ નિર્ણય ઘણો મહત્વનો છે.

**આંતરરાષ્ટ્રીય કાયદા અને સંલગ્ન ઠરાવો મુજબ યુદ્ધના સમય દરમિયાન હોર્મુઝની ખાડીમાં જહાજોનું નિયમન કરવાનો ઈરાનનો અબાધિત અધિકાર છે**

અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલાં હુમલાં બાદ ઈરાને હોર્મુઝની ખાડીમાંથી ઓઈલ ટેન્કર્સના પરિવહન પર પ્રતિબંધ મુક્યો હતો. ઈરાને જણાવ્યું હતું કે, તે આ સમુદ્રી માર્ગમાંથી પસાર થતાં દરેક ટેન્કર પર હુમલો કરી તેને નષ્ટ કરશે. જેને પગલે મોટાભાગની શિપિંગ કંપનીઓએ આ માર્ગમાંથી ઓઈલ ટેન્કરો મોકલવાની અનિચ્છા વ્યક્ત કરી હતી અને ઓઈલ અને ગેસના પરિવહન માટે અન્ય લાંબા માર્ગોએ શિપ મોકલવાની યોજના ઘડી રહી છે. ઈરાન દ્વારા હોર્મુઝની ખાડીમાંથી પસાર થતાં ઓઈલ ટેન્કરો પર હુમલો કરવાની અપાયેલી ધમકી બાદ અમેરિકાએ વળતી પ્રતિક્રિયા આપી છે. અમેરિકાએ જણાવ્યું છે કે, જો જરૂર પડશે તો અમેરિકા હોર્મુઝની ખાડીમાંથી પસાર થતાં ઓઈલ ટેન્કરોની સુરક્ષા માટે નૌસૈના તૈનાત કરશે. ઈરાન સાથેના સંઘર્ષને કારણે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પૈકીના એક એવા આ વિસ્તારમાં વૈશ્વિક ઊર્જા પુરવઠા અને શિપિંગની સુરક્ષા અંગે ચિંતાઓ વધી રહી છે.

## કેન્દ્ર સરકારના જવાબથી ભારતીયોની ચિંતા દૂર!

# અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા છ દિવસથી ચાલી રહેલા જંગના પરિણામે સ્થાનિક બજારમાં તેલની કિંમતો પર હાલમાં કોઈ અસર પડશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૬**

પશ્ચિમી એશિયામાં વધી રહેલા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલની કિંમતોમાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે છેલ્લા છ દિવસથી ચાલી રહેલા જંગના પરિણામે ક્રુડ ઓઈલના ભાવ 15% વધીને 84 ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા છે. જો આ યુદ્ધ વધુ લંબાય તો કિંમતો 90 ડૉલર સુધી પહોંચવાની આશંકા છે, જોકે બજારમાં પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી સ્થિતિ સામાન્ય થતા જ ભાવ ઘટવાની પણ શક્યતા છે. આ વધારા વચ્ચે ભારત સરકાર દ્વારા દેશના ગ્રાહકોને આશ્વાસન આપવામાં આવ્યું છે કે સ્થાનિક બજારમાં તેલની કિંમતો પર હાલમાં કોઈ અસર પડશે નહીં. ભારત પાસે પૂરતો તેલ અને ગેસનો સ્ટોક ઉપલબ્ધ છે અને સરકાર વૈકલ્પિક સપ્લાય માટે IEA અને ઓપેક(OPEC) જેવા સંગઠનો સાથે સતત સંપર્કમાં છે.

**વૈશ્વિક અનિશ્ચિતતા છતાં ભારત સરકાર ઊર્જા સુરક્ષા જાળવી રાખવા માટે મજબૂત રીતે કામ કરી રહી છે**

બીજી તરફ, કતાર દ્વારા ગેસ ઉત્પાદન બંધ કરવાના નિર્ણયની ભારત પર મર્યાદિત અસર પડશે, કારણ કે ભારત તેની જરૂરિયાતનો માત્ર 30% ગેસ જ કતારથી આયાત કરે છે.

સરકાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો ગેસની અછત સર્જાય તો પણ ઘરેલું પીએનજી(PNG) અને સીએનજી(CNG) વપરાશકર્તાઓ પર તેની કોઈ અસર થવા દેવામાં આવશે નહીં. ઈરાનની હોર્મુઝ જળમાર્ગ બંધ કરવાની ધમકી અંગે પણ સરકારે તૈયારીઓ કરી લીધી છે. ભારતની આયાતનો 40% હિસ્સો આ માર્ગ પર નિર્ભર છે, પરંતુ સુરક્ષિત અને અન્ય વૈકલ્પિક માર્ગો દ્વારા સપ્લાય વધારીને તેની ભરપાઈ કરવાની વ્યૂહનીતિ ઘડવામાં આવી છે. આમ, વૈશ્વિક અનિશ્ચિતતા છતાં ભારત સરકાર ઊર્જા સુરક્ષા જાળવી રાખવા માટે મજબૂત રીતે કામ કરી રહી છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### સેમિ ફાઈનલ બાદ ભાવુક થયો સંજુ સેમસન

## સંઘર્ષના દિવસો યાદ કરી સંજુ સેમસને કહ્યું છેલ્લા ૯ મહિના અત્યંત મુશ્કેલ હતા

**સંજુ સેમસને માત્ર ૪૨ બોલમાં ૮૯ રનની આક્રમક ઈનિંગ રમીને ભારતને ફાઇનલમાં પહોંચાડ્યું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૬ :** ભારતીય ક્રિકેટ ટીમે T20 વર્લ્ડ કપ ૨૦૨૬ની રોમાંચક સેમિ ફાઈનલમાં ઈંગ્લેન્ડને ૭ રને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. આ ઐતિહાસિક જીતનો સૌથી મોટો હીરો રહ્યો કેરળનો સ્ટાર બેટ્સમેન સંજુ સેમસન. જેણે માત્ર ૪૨ બોલમાં ૮૯ રનની આક્રમક ઈનિંગ રમીને ભારતને ફાઈનલમાં પહોંચાડ્યું હતું.



આ ટુર્નામેન્ટમાં સેમસન માટે રસ્તો ખુબ જ સંઘર્ષપૂર્ણ રહ્યો હતો. શરૂઆતની મેચોમાં તેને પ્લેઈંગ ઈલેવનમાં જગ્યા નહોતી મળી અને તે લાંબો સમય બેન્ચ પર બેસી રહ્યો હતો. જોકે, વેસ્ટ ઈન્ડિઝ સામેની મેચમાં ૯૭ રનની અણનમ ઈનિંગ બાદ તેને સેમિ ફાઈનલમાં તક મળી અને તેણે સાબિત કરી દીધું કે તે શા માટે ખાસ છે.

મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં ભાવુક થયેલા સંજુએ જણાવ્યું હતું કે, "છેલ્લા નવ મહિના મારા માટે ખૂબ જ પડકારજનક હતા. હું હંમેશા ટીમ માટે યોગદાન આપવા માંગતો હતો, પણ ન્યુઝીલેન્ડ સામેની સીરીઝમાં જ્યારે મને તક મળી ત્યારે હું રન બનાવી શક્યો નહોતો. તે સમયે હું ઘણું દબાણ અનુભવી રહ્યો હતો."

આ મુશ્કેલ સમયમાંથી બહાર આવવા માટે સંજુએ એક મોટો નિર્ણય લીધો હતો. તેણે કહ્યું, "મેં બહારનો અવાજ સાંભળવાનું બંધ કરી દીધું હતું. મેં મારો ફોન બંધ કરી દીધો હતો અને સોશિયલ મીડિયાથી પણ અંતર જાળવી રાખ્યું હતું. હું માત્ર મારા નજીકના લોકો સાથે જ વાત કરતો હતો. આનાથી મને મારા બેઝિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ મળી." સંજુની આ આકરી તપસ્યા અને મહેનત આખરે સેમિ ફાઈનલમાં રંગ લાવી. દબાણ હેઠળની મેચમાં તેણે ઈંગ્લેન્ડના બોલરોની બરાબરની ધોલાઈ કરી ૮૯ રન ફટકાર્યા, જે ભારતની જીતનો પાયો બન્યો. તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.

ભારત હવે ફાઈનલમાં પહોંચી ગયું છે અને સંજુ સેમસનનો આત્મવિશ્વાસ સાતમા આસમાને છે. જો ફાઈનલમાં પણ તેનું બેટ આ રીતે જ ચાલશે, તો ભારતને વિશ્વવિજેતા બનતા કોઈ રોકી શકશે નહીં.

### અમદાવાદમાં T20 વર્લ્ડ કપ ફાઈનલનો જશ્ન

## અરિજીત સિંહ, ફાલ્ગુની પાઠક, પોપ સ્ટાર રિકી માર્ટિન પરફોર્મ કરશે

**ફાઈનલ મેચમાં સંગીત, લાઈટિંગ અને ભવ્ય સ્ટેજ શો સાથે ક્રિકેટ અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૦૬ :** અમદાવાદમાં ૮ માર્ચે યોજાનારી T20 વર્લ્ડ કપ ફાઈનલને લઈને તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ ગણાતા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ફાઈનલ મુકાબલો છે. આ મહામુકાબલા પહેલા ભવ્ય ક્લોઝિંગ સેરેમની અને મેગા કલ્ચરલ શોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દેશ-વિદેશના જાણીતા સિંગર પર્ફોર્મ કરશે.

વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ ગણાતા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ફાઈનલ મુકાબલો રમાનાર છે.

આ મહામુકાબલા પહેલા ભવ્ય ક્લોઝિંગ સેરેમની અને મેગા કલ્ચરલ શોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં દેશ-વિદેશના જાણીતા ગાયકો પ્રદર્શન કરશે. આ ભવ્ય કાર્યક્રમમાં પ્રખ્યાત ગાયક અરિજીત સિંહ, ગુજરાતની લોકપ્રિય ગાયિકા ફાલ્ગુની પાઠક અને આંતરરાષ્ટ્રીય પોપ સ્ટાર રિકી માર્ટિન પરફોર્મન્સ આપશે. અંદાજે ૧.૨૫ લાખથી વધુ પ્રેક્ષકોની હાજરીમાં યોજાનાર આ કાર્યક્રમ T20 વર્લ્ડ કપના સમાપનને યાદગાર બનાવશે. સંગીત, લાઈટિંગ અને ભવ્ય સ્ટેજ શો સાથે ક્રિકેટ અને સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળશે.

ફાઈનલ મેચને ધ્યાનમાં રાખીને ગુજરાત ક્રિકેટ એસોસિએશન દ્વારા સ્ટેડિયમમાં ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. અમદાવાદમાં વધતી ગરમીને ધ્યાનમાં રાખીને દર્શકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે સ્ટેડિયમના પોડિયમ વિસ્તારમાં વધારાના ૩૦ પાણીના કાઉન્ટર ઉભા કરવામાં આવ્યા છે. મોટી સંખ્યામાં દર્શકોને પાણી અને અન્ય સુવિધાઓ સરળતાથી મળી રહે તે માટે આ આયોજન કરવામાં આવ્યું છે.

તબીબી સુવિધાઓને પણ વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. સ્ટેડિયમના પોડિયમ વિસ્તારમાં ૬ મેડિકલ સ્ટોલ બનાવવામાં આવ્યા છે, જ્યાં ડોક્ટરો અને તબીબી સ્ટાફ સતત હાજર રહેશે. ઉપરાંત, આપાતકાલીન પરિસ્થિતિને પહોંચી વળવા માટે ૨ ટેમ્પરરી હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે. સ્ટેડિયમમાં ૨ ICU સુવિધાવાળી એમ્બ્યુલન્સ પોડિયમ વિસ્તારમાં તૈયાર રાખવામાં આવશે, જ્યારે સમગ્ર સ્ટેડિયમમાં કુલ ૬ ICU એમ્બ્યુલન્સ તૈનાત રહેશે.

આ તમામ વ્યવસ્થાઓનો મુખ્ય ઉદ્દેશ ૧.૨૫ લાખથી વધુ દર્શકોની સુરક્ષા અને આરોગ્ય સુનિશ્ચિત કરવાનો છે. સુરક્ષા, તબીબી વ્યવસ્થા અને સુવિધાઓને ધ્યાનમાં રાખીને વિવિધ વિભાગો દ્વારા સંકલન સાથે કામગીરી ચાલી રહી છે. ક્રિકેટ પ્રેમીઓ માટે આ ફાઈનલ માત્ર રમતનો મુકાબલો નથી પરંતુ એક ભવ્ય ઉત્સવ બની રહેશે. સંગીત, સંસ્કૃતિ અને ક્રિકેટનો મહાસંગમ બનનારી આ રાત સાથે T20 વર્લ્ડ કપનું અમદાવાદમાં ભવ્ય સમાપન થવાનું છે. સમગ્ર દેશના ક્રિકેટ ચાહકોની નજર હવે ૮ માર્ચે અમદાવાદ પર ટકેલી છે.

## સેમિફાઈનલ મેચ બાદ ભીડ પર ભડક્યો વરુણ ધવન! : ગુસ્સામાં ઝૂંટવ્યો ફોન

**એક ફેન્સે વરુણ સાથે ફોટો પાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ વરુણ ગુસ્સે થયો અને તેના હાથમાંથી ફોન ઝૂંટવી લેવાનો પ્રયાસ કર્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૬ :** મુંબઈના વાનખડે ક્રિકેટ સ્ટેડિયમમાં ૫ માર્ચ, ૨૦૨૬ના રોજ ઈન્ડિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે T20 વર્લ્ડ કપની સેમિફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં ઈન્ડિયાની ઐતિહાસિક જીત મેળવી છે. સ્ટેડિયમમાં અનેક બોલિવૂડના સ્ટાર્સ પહોંચ્યા હતા. જેમાં વરુણ ધવન, અનિલ કપૂર, રણવીર કપૂર, આલિયા ભટ્ટ સહિત ઘણાં સેલિબ્રિટિ ટીમ ઈન્ડિયાને ચિયર-અપ કરવા પહોંચ્યા હતા. સેમિફાઈનલ મેચ બાદ ભીડ પર વરુણ ધવન ભડક્યો હોવાનો વીડિયો વાઈરલ થયો છે. વીડિયોમાં જોવા મળે છે કે, વરુણે ગુસ્સામાં ફેન્સનો ફોન ઝૂંટવવાનો પ્રયાસ કર્યો હતો. મેચ પછી બધા સ્ટાર્સ ખૂબ ખુશ દેખાતા હતા. જો કે, વરુણ ધવન સાથે જોડાયેલી એક ઘટના સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહી છે. જેમાં સ્ટેડિયમથી વરુણ પોતાની કાર તરફ ચાલવા લાગ્યો ત્યારે, તે ફેન્સથી ઘેરાઈ ગયો હતો. ફેન્સ વરુણ સાથે ફોટો લેવા માંગતા હતા. આ દરમિયાન એક ફેન્સે વરુણ સાથે ફોટો પાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ વરુણ અચાનક ગુસ્સે થઈ ગયો અને તેના હાથમાંથી ફોન ઝૂંટવી લેવાનો પ્રયાસ કર્યો હતો.

આ દરમિયાન વરુણનો ચહેરો ઘણો ગંભીર દેખાતો હતો. જો કે, આ ઘટના પહેલા વરુણે સ્ટેડિયમની બહાર કેટલાક ફેન્સનો દિવસ બનાવી દીધો હતો. તેમણે તેમની સાથે સેલ્ફી લીધી હતી અને તેમને ભેટો આપી હતી. જો કે, આ વીડિયોને લઈને સોશિયલ મીડિયા યુઝર્સ વરુણના વર્તનની સખત નિંદા કરી રહ્યા છે. કેટલાક લોકો કહે છે કે, અભિનેતાએ જાહેર સ્થળે આવું ન કરવું જોઈતું હતું. અન્ય લોકો કહી રહ્યા છે કે, વરુણ ઘમંડી બની ગયો છે. વરુણ ધવનની છેલ્લી ફિલ્મ બોર્ડર ૨ બોક્સ ઓફિસ પર સક્સેસફૂલ રહી હતી. આ ફિલ્મે વર્લ્ડવાઈડ ૪૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. વરુણ હવે તેના પિતા ડેવિડ ધવનના ડાયરેક્શનમાં બની રહેલી કોમેડી ફિલ્મ હૈ જવાની તો ઈશ્ક હોના હૈમાં દેખાશે. આ ફિલ્મ ૪ જૂનથી સિનેમાઘરમાં જોવા મળશે. આ ફિલ્મ સાથે વરુણની સાથે મૃણાલ ઠાકુર, પૂજા હેગડે અને મોની રોય જેવા સ્ટાર્સનો સામવેશ થયો છે.

### સેટેલાઈટ તસવીરોમાં ખુલાસો

## ઈરાનનો મોટો હુમલો : જોર્ડન અને UAEમાં અમેરિકી રડાર સિસ્ટમ ધ્વસ્ત

**અમેરિકા-ઈઝરાયલના સંયુક્ત હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થયા બાદ ઈરાન ભયાનક વળતો પ્રહાર કરી રહ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તહેરાન, તા.૦૬**

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત ભયાનક તબક્કામાં પહોંચી ચૂક્યો છે. અમેરિકા-ઈઝરાયલના સંયુક્ત હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થયા બાદ ઈરાન ભયાનક વળતો પ્રહાર કરી રહ્યું છે અને તે આરબ દેશોમાં અમેરિકી સૈન્ય મથકો પર મિસાઈલ અને ડ્રોનથી હુમલાઓ કરી રહ્યું છે. તાજેતરમાં સામે આવેલી સેટેલાઇટ તસવીરો પુષ્ટિ કરે છે કે, ઈરાને જૉર્ડન, સંયુક્ત આરબ અમીરાત (UAE) અને કતારમાં અમેરિકાની અત્યંત આધુનિક એર ડિફેન્સ સિસ્ટમને નિશાન બનાવી છે.

સેટેલાઇટ ઈમેજ મુજબ, જૉર્ડન સ્થિત મુવાફક સાલ્ટી એર બેઝ પર તૈનાત અમેરિકાના THAAD (Terminal High Altitude Area Defense) મિસાઈલ બેટરીના રડાર સિસ્ટમને ઈરાને સફળતાપૂર્વક નષ્ટ કરી દીધી છે. રેથિયૉન કંપની દ્વારા બનાવવામાં આવેલા આ AN/TPY-2 રડારની કિંમત અંદાજે ૫૦ કરોડ ડૉલર (આશરે રૂ.૪,૧૦૦ કરોડથી વધુ) છે. તસવીરોમાં એરબેઝ પાસે રેતમાં ૧૩ ફૂટ પહોળા બે મોટા ખાડા દેખાય છે, જે સૂચવે છે કે રડારને સચોટ રીતે તોડી પાડવા માટે એકથી વધુ મિસાઈલોનો ઉપયોગ થયો હતો.

પાંચ મોટા ટ્રેલર પર ગોઠવાયેલી આ આખી સિસ્ટમ હાલ સંપૂર્ણપણે બિનઉપયોગી બની ગઈ છે. જૉર્ડન ઉપરાંત, સંયુક્ત આરબ અમીરાતના રૂવૈસ અને સાદેર વિસ્તારમાં આવેલા સૈન્ય ઠેકાણા પર પણ ઈરાને હુમલો કર્યો છે. રૂવૈસમાં ૩ અને સાદેરમાં ૪ મહત્વની ઈમારતોને નુકસાન થયું હોવાના અહેવાલ છે. આ ઈમારતોનો ઉપયોગ રડાર સિસ્ટમ અને સૈન્ય વાહનો રાખવા માટે થતો હતો. નિષ્ણાતો હજુ એ તપાસી રહ્યા છે કે આ રડાર અમેરિકી સેનાના હતા કે UAEએ અમેરિકા પાસેથી ખરીદેલા હતા.

કોઈપણ એર ડિફેન્સ નેટવર્કમાં રડાર તેની આંખ સમાન હોય છે. તે સેંકડો માઈલ દૂરથી આવતી બેલિસ્ટિક મિસાઈલો કે ડ્રોનને ઓળખીને ઈન્ટરસેપ્ટર મિસાઈલોને લોકેશન આપે છે. ઈરાને આ રડાર તોડી પાડીને અમેરિકા અને તેના સહયોગી દેશોના સુરક્ષા કવચને નબળું પાડી દીધું છે. અમેરિકી સરકારના તાજેતરના નિવેદનો પણ હવે સ્પષ્ટ કરી રહ્યા છે કે આ જંગ ધાર્યા કરતા વધુ લાંબો ખેંચાઈ શકે છે. ઈરાન તરફથી મળેલો આ આંચકો અમેરિકા માટે દાયકાઓનો સૌથી મોટો સૈન્ય ફટકો માનવામાં આવી રહ્યો છે.

થાડ માટે એવું કહેવામાં આવે છે કે તે પળવારમાં દુશ્મનની મિસાઈલને ઈન્ટરસેપ્ટ કરીને બરબાદ કરી શકે છે. થાડ મિસાઈલ મીડીયમ રેન્જની બેલેસ્ટિક મિસાઈલનો પ્રારંભિક તબક્કામાં જ નાશ કરવા માટે સક્ષમ માનવામાં આવે છે. તે હીટ ટુ કિલ ટેકનીક પર કામ કરે છે. મતલબ કે તેમને દુશ્મની મિસાઈલને રોકતી નથી પરંતુ તેનો નાશ જ કરી દે છે. થાડ ૨૦૦ કિમી સુધી દુર અને ૧૫૦ કિમીની ઉંચાઈ પર પણ હુમલો કરવા માટે સક્ષમ છે.

### મિડલ ઈસ્ટના યુદ્ધ પર રાજનાથ સિંહનું મોટું નિવેદન

## વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ કઈ દિશામાં જશે તે કહેવું મુશ્કેલ છે

**મિડલ ઈસ્ટનો આ તણાવ માત્ર સરહદો પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે વૈશ્વિક ઊર્જા સુરક્ષા માટે જોખમરૂપ : સંરક્ષણ મંત્રી**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬**

મિડલ ઈસ્ટમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા ભીષણ તણાવ પર ભારત સરકારે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. કોલકાતામાં આયોજિત મેરિટાઈમ સમિટ "સાગર સંકલ્પ"ને સંબોધિત કરતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ અત્યંત અસામાન્ય છે અને આ સંઘર્ષના પરિણામોની આગાહી કરવી હાલ મુશ્કેલ છે.

ચેતવણી આપતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, મિડલ ઈસ્ટનો આ તણાવ માત્ર સરહદો પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે વૈશ્વિક ઊર્જા સુરક્ષા માટે જોખમરૂપ છે. આ સંઘર્ષ હોર્મુઝ સ્ટ્રેટ જેવા વ્યૂહાત્મક વિસ્તારોને અસર કરી રહ્યો છે. આ ક્ષેત્રમાં જો કોઈ પણ પ્રકારનો વિક્ષેપ પડશે, તો તેની સીધી અસર વિશ્વભરના ઓઈલ અને ગેસ પુરવઠા પર થશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બદલાતા વૈશ્વિક સમીકરણો પર ભાર મૂકતા જણાવ્યું કે, આજે જૂના વિચારો અને જૂની માન્યતાઓ ઝડપથી બદલાઈ રહી છે. એક સમયે સમુદ્રને માત્ર વેપારનું સાધન માનવામાં આવતું હતું, પરંતુ આજે તે વ્યૂહાત્મક પ્રભુત્વ મેળવવાનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. વિશ્વ અત્યારે ભારે અનિશ્ચિતતાના દોરમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં જમીન, આકાશ અને સમુદ્ર એમ ત્રણેય મોરચે દેશો એકબીજા પર હુમલા કરી રહ્યાં છે. "સાગર સંકલ્પ" સમિટ દરમિયાન સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નોંધ્યું હતું કે, દરેક ભૌગોલિક સ્થાન આજે એક અલગ પડકાર અને વાર્તા રજૂ કરી રહ્યું છે. વૈશ્વિક સ્તરે કંઈક નવું આકાર લઈ રહ્યું છે અને સ્થાપિત વ્યવસ્થાઓ તૂટી રહી છે. આપણે આ અનિશ્ચિતતાઓને ગંભીરતાથી સમજવાની જરૂર છે.

ઉલ્લેખનીય છેકે, મિડલ ઈસ્ટમાં મિસાઈલો અને ડ્રોન હુમલાઓને કારણે સર્જાયેલી આ સ્થિતિ ભારત જેવા દેશો માટે આર્થિક અને સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વની છે, કારણ કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો માટે મોટાભાગે આ ક્ષેત્ર પર નિર્ભર છે.

### ભારત આવેલા ઈરાનના મંત્રીનું મોટું નિવેદન

## ગલ્ફથી અમેરિકાનું અસ્તિત્વ ખતમ કરી દઈશું

**રાયસીના સંવાદ ૨૦૨૬માં વક્તા તરીકે હાજર રહેલા ખતીબઝાદેહે વર્તમાન યુદ્ધની સ્થિતિ પર ટિપ્પણી કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ જંગ વચ્ચે ઈરાનના વિદેશ બાબતોના ઉપ-મંત્રી ડૉ.સઈદ ખતીબઝાદેહ ભારતની મુલાકાતે છે. દિલ્હીમાં આયોજિત રાયસીના સંવાદ ૨૦૨૬માં વક્તા તરીકે હાજર રહેલા ખતીબઝાદેહે વર્તમાન યુદ્ધની સ્થિતિ પર ગંભીર ટિપ્પણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચેની સભ્યતાના મૂળ એકબીજા સાથે જોડાયેલા છે અને ઈરાન ભારત સાથેના સંબંધોને ખૂબ જ મહત્ત્વ આપે છે. જોકે, વર્તમાન સંઘર્ષ અંગે તેમણે સ્પષ્ટ કર્યું કે, અમેરિકાએ ઈરાનના અસ્તિત્વને જ સમાપ્ત કરવાનો નિર્ણય કરી લીધો છે, જેના કારણે ઈરાન પાસે હવે પ્રતિકાર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી.

જંગની ગંભીરતા વિશે વાત કરતાં ડૉ. સઈદ ખતીબઝાદેહે કહ્યું કે, જ્યારે આપણે અત્યારે વાત કરી રહ્યા છીએ, ત્યારે મારા દેશવાસીઓ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવતી નિરંતર બોમ્બમારોનો સામનો કરી રહ્યા છે.

તેહરાન પર સતત હુમલા થઈ રહ્યા છે. તેમણે આ લડાઈને ઈરાન માટે એક વીરતાપૂર્ણ અને રાષ્ટ્રવાદી યુદ્ધ ગણાવ્યું હતું. તેમણે હુંકાર કર્યો હતો કે, અમેરિકન અને ઈઝરાયલી અત્યાચારોને રોકવા માટે ઈરાન પોતાની છેલ્લી ગોળી અને છેલ્લા સૈનિક સુધી લડત આપશે. તેમના મતે, હુમલાખોરોને પાછળ ધકેલવા એ જ અત્યારે ઈરાનની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

ઈરાની મંત્રીએ અમેરિકા અને ઈઝરાયલ પર આંતરરાષ્ટ્રીય કાયદાઓના ઉલ્લંઘનનો આરોપ લગાવતાં કહ્યું કે, ઈરાન તરફથી કોઈ ઉશ્કેરણી કરવામાં આવી ન હતી. તેમણે દાવો કર્યો કે ઈઝરાયલ દાયકાઓથી ગ્રેટર ઈઝરાયલના ભ્રમમાં જીવી રહ્યું છે અને તે જ કારણે હુમલાઓ કરી રહ્યું છે. ખતીબઝાદેહે ચેતવણી આપી હતી કે, ઈરાન



હવે એ તમામ ઠેકાણાઓ પર પ્રહાર કરશે જ્યાંથી અમેરિકા પોતાના હુમલા શરૂ કરી રહ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, હવે ફારસની ખાડી વિસ્તારમાંથી અમેરિકન હાજરીને સંપૂર્ણપણે સમાપ્ત કરવા સિવાય ઈરાન પાસે અન્ય કોઈ રસ્તો નથી.

### યુદ્ધને કારણે મોટું નુકસાન!

## ફળ-શાકભાજી ભરેલા ૧૦૦૦થી વધુ કન્ટેનર દુબઈમાં ફસાયા!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૬**

મધ્ય પૂર્વમાં સંઘર્ષના કારણે મહારાષ્ટ્ર સહિત દેશભરના ખેડૂતો અને નિકાસકારોને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો, મહારાષ્ટ્રથી ખેત ઉત્પાદનો સાથે ગયેલા ૮૦૦ થી ૧૦૦૦ કન્ટેનર દુબઈના જેબેલ અલી બંદર પર ફસાયા છે. ૨૮ ફેબ્રુઆરી જ્યારથી યુદ્ધ શરૂ થયું ત્યારથી જ કામકાજ ઠપ્પ થઈ ગયું છે. કન્ટેનરનું અલગ અલગ દેશોમાં એક્સપોર્ટ રોકાઈ જતાં લાખો કરોડોનું નુકસાન થઈ રહ્યું છે. દુબઈનું જેબેલ અલી બંદર મધ્ય પૂર્વનું એક મુખ્ય પોર્ટ છે. જે ખાડી ક્ષેત્રોમાં ભારત સહિત અનેક દેશોના ખેત ઉત્પાદનોનું વિતરણનું મહત્વનું કેન્દ્ર છે. જો કે યુદ્ધ બાદ સ્થિતિ તંગ થઈ જતાં કામકાજ સંપૂર્ણ રીતે ઠપ્પ થઈ ગયું છે. જે કારણે દુબઈ પહોંચેલા કે ભારતથી જઈ રહેલા ઘણા શિપમેન્ટ બંદર પર ફસાઈ ગયા છે.

ફસાયેલા કન્ટેનરોમાં મુખ્ય રૂપે ઓછા ટકી શકે તેવા કેળા, દ્રાક્ષ, દાડમ, તરબૂચ, પાંદડાવાળા શાકભાજી અને ડુંગળીનો સમાવેશ થાય છે. જે મોટા ભાગે મહારાષ્ટ્રથી નિકાસ થાય છે. કન્ટેનરો અટવાઈ જતાં હવે તે ખરાબ થઈ જવાની ભીતિ છે. જેનો મતલબ છે કે નિકાસકારોને ભારે નુકસાન થશે, કારોબારો ઓછો થતાં જેની સીધી અસર ખેડૂતોને થશે. ઈરાનના બંદરો પર ફળફ્રૂટની નિકાસ કરતાં ૬૦૦-૭૦૦ કન્ટેનર ફસાયેલા છે.

મુંબઈના જવાહરલાલ નેહરુ બંદર (JNPT) પર દુબઈ જનારી દ્રાક્ષના લગભગ ૮૦ કન્ટેનર અત્યાર સુધીમાં અનલોડ જ થયા નથી. નાસિકથી નિકાસ માટે આવી રહેલા ૨૦૦થી વધુ કન્ટેનર બંદર બહાર ફસાયેલા છે. જેથી ભારે જામ પણ લાગી ગયો છે. ખેડૂત સંગઠનોએ સરકારી સહાયની માગ ઉઠાવતા કહ્યું છે કે, પ્રતિ ક્વિન્ટલ ૧૫૦૦ રૂપિયાની સબસિડી સાથે ફસાયેલા કન્ટેનરોને બંદર વેરાથી પણ માફી આપવામાં આવે. નિકાસકારોની સહાય માટે એક અસ્થાયી ખરીદ યોજના લાગુ કરવામાં આવે જેથી તેમના આર્થિક નુકસાનમાં થોડી ભરપાઈ થાય. આ ઉપરાંત ખાંડની નિકાસમાં પણ મોટો ફટકો પડે તેવા એંધાણ છે, કેન્દ્રએ આ સિઝન માટે ૨૦ લાખ ટન ખાંડના નિકાસની મંજૂરી આપી છે. પરંતુ નિકાસકારોનું અનુમાન છે કે હાલની સ્થિતિઓને કારણે માત્ર ૫ લાખ ટન ખાંડ જ વિદેશની બજારો સુધી પહોંચાડી શકાશે.

## યુનેસ્કોના વિશ્વ ઈજનેરી દિવસ-૨૦૨૬ માટે અદાણીની સત્તાવાર ભાગીદાર તરીકે પસંદગી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**અમદાવાદ, તા.૦૬**

ભારતના સૌથી મોટા પરિવહન, ઉપયોગિતા અને માળખાગત વિકાસકાર અદાણી ગ્રુપની યુનેસ્કો (યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) દ્વારા અને વર્લ્ડ ફેડરેશન ઓફ એન્જિનિયરિંગ ઓર્ગેનાઈઝેશન્સ (WFEO) દ્વારા ટકાઉ વિકાસ માટેના આંતરરાષ્ટ્રીય ઈજનેરી દિવસ-૨૦૨૬ માટે સત્તાવાર ભાગીદાર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

સ્વચ્છ ઉર્જા સંક્રમણને વેગ આપવા અને સ્કેલ પર સ્વચ્છ, વિશ્વસનીય અને સસ્તું વીજળી પહોંચાડવાની અદાણી ગ્રુપની ક્ષમતામાં આ પસંદગી તેના નેતૃત્વનો પુરાવો છે જે ટકાઉપણાના વૈશ્વિક લક્ષ્યો (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ-૭) માં ફાળો આપતી વેળા ભારતની ઉર્જા સુરક્ષાને ટેકો આપે છે.

આ સ્વીકૃતિ પરત્વે પ્રતિભાવ આપતા અદાણી ગ્રીન એનર્જીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાગર અદાણીએ જણાવ્યું હતું કે, મોટાપાયે સ્વચ્છ ઊર્જા છતાં સસ્તી, શક્તિશાળી છતાં સમાવિષ્ટ હોઈ શકે છે તેવું અમે દર્શાવી રહ્યા છીએ. આ વિશ્વ માટે ભારતનું યોગદાન છે. જ્યાં પ્રગતિ અને ટકાઉપણું એકસાથે આગળ વધે એવું એક મોડેલ છે. તેમણે કહ્યું હતું કે કચ્છના ખાવડા ખાતેનો અમારો રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ ભારતની આબોહવા ક્રિયાના પ્રતીકરુપ તરીકે ઉભો છે. જે અદાણી ગ્રીન એનર્જી, અદાણી એનર્જી સોલ્યુશન્સ અને અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝની સામૂહિક શક્તિનું પ્રતિબિંબિત કરવા સાથે એક સંકલિત નવીનીકરણીય ભવિષ્યને આગળ વધારવા માટે એક સાથે કામ કરે છે.

વર્લ્ડ એન્જીનિયરીંગ ડે ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ૨૦૨૬ની થીમ "નવીનતા અને ડિજિટલાઈઝેશન દ્વારા ટકાઉ ભવિષ્ય માટે સ્માર્ટ એન્જિનિયરિંગ" છે. અદાણી સમૂહના નવીનીકરણીય ઊર્જા, ડિજિટલ આંતરમાળખું અને વિશાળ પાયે પરિવહન અને ઉપયોગિતા પધ્ધતિઓમાં કાર્ય પ્રદાનના આ દ્રષ્ટિકોણને નજીકથી પ્રતિબિંબિત કરી દર્શાવે છે કે ટેક્નોલોજી આધારિત ઈજનેરી વાસ્તવિક દુનિયાની પરિસ્થિતિઓમાં ટકાઉ વિકાસને કેવી રીતે સક્ષમ બનાવી શકે છે.

આ ભાગીદારીના કેન્દ્રમાં વિશ્વનો સૌથી મોટો ગુજરાતમાં નિર્માણાધિન ખાવડા ખાતેનો નવીનીકરણીય ઉર્જા પ્રકલ્પ છે, જેની ક્ષમતા ૨૦૨૯ સુધીમાં ૩૦ મેગાવોટ ઉર્જા પેદા કરવાનું લક્ષ છે, જેને વર્લ્ડ ફેડરેશન ઓફ એન્જિનિયરીંગ ઓર્ગેનાઈઝેશન્સ(WFEO)એ તેના વર્લ્ડ એન્જિનિયરિંગ ડે ૨૦૨૬ના કાર્યક્રમ હેઠળ ભારતના હરિત સંક્રમણના એક નિર્ણાયક દ્રષ્ટાંત તરીકે પ્રકાશિત કરતા તેને સ્કેલ, મહત્વાકાંક્ષા અને તેની અસરની એક ટૂંકી ફિલ્મ મારફત ઝાંખી કરાવી છે.

અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (AGEL) ગુજરાત (ભારત) ના કચ્છમાં ખાવડામાં એક ઉજ્જડ અને વસવાટ યોગ્ય જમીન પર વિશ્વનો સૌથી મોટો નવીનીકરણીય ઉર્જા (RE) પ્લાન્ટ વિકસાવી રહી છે. ૫૩૮ ચોરસ કિમીમાં બનેલ, તે પેરિસ કરતા પાંચ ગણો મોટો અને મુંબઈ શહેર જેટલો મોટો છે. એકવાર પૂર્ણ થયા પછી, તે તમામ ઉર્જાસ્ત્રોતોની ક્ષિતિજમાં સૌથી મોટો ઉર્જા પ્રકલ્પ બનવા તરફ આગળ વધી રહેલા ખાવડાના આ પ્લાન્ટમાંથી અદાણી ગ્રીન એનર્જી લિ.એ અત્યાર સુધીમાં ૭ ગીગાવોટથી વધુ નવીનીકરણીય ઊર્જાની સંચીત ક્ષમતા કાર્યરત કરી છે અને ૨૦૨૯ સુધીમાં સંપૂર્ણ કાર્યરત થતાં તે ૩૦ ગીગાવોટનું લક્ષ હાંસલ કરશે. તેની અન્ય વિશિષ્ટતાઓ એ છે કે આ વેગીલી પ્રગતિ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતાના ભારતના લક્ષ્ય પ્રત્યેની કંપનીની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. ખાવડાના આ પ્રકલ્પનું હરીત રોજગાર સર્જનનું વાર્ષિક યોગદાન ૧૫,૨૦૦ અપેક્ષિત છે. સૌર માટે પાણી વિનાની રોબોટિક સફાઈ પ્રણાલીઓ દ્વારા ૧,૭૧૬ મિલિયન લિટર પાણીની બચત કરશે અને ૬૩.૬ મિલિયન ટન કાર્બન ઉત્સર્જનને ટાળવામાં આવશે.

# ઈરાની હુમલામાં અમેરિકન સૈનિકો સહિત અનેકના મોત

## અમેરિકાએ પોતાનો બચાવ કર્યો, સાથી દેશોને રામભરોસે છોડ્યા : પહેલા જાણ ન કરી, પછી એકલા છોડી દીધા, યુદ્ધ વચ્ચે મિત્ર દેશો જ અમેરિકાથી નારાજ!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૦૬**

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ હવે ખાડી દેશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સમાચાર એજન્સી એપીના અહેવાલ અનુસાર, સાઉદી અરેબિયા, કુવૈત અને બેહરીન જેવા અમેરિકાના સાથી દેશો ટ્રમ્પ પ્રશાસનથી અત્યંત નિરાશ છે. તેમનો આરોપ છે કે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલો કરતાં પહેલા તેમને અંધારામાં રાખ્યા હતા, જેના પરિણામે ઈરાનના વળતા હુમલાનો સામનો કરવા માટે તેમને પૂરતો સમય મળ્યો નથી. ખાડી દેશોના અધિકારીઓનું કહેવું છે કે, આ જંગના કારણે સમગ્ર વિસ્તારમાં અસ્થિરતા સર્જાઈ છે.

ખાડી દેશોના અધિકારીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું છે કે, અમેરિકાનું ધ્યાન માત્ર પોતાના સૈનિકો અને ઈઝરાયલને બચાવવા પર જ કેન્દ્રિત રહ્યું છે. આ દેશોની ફરિયાદ છે કે ઈરાન તરફથી સતત થઈ રહેલા મિસાઈલ અને ડ્રોન હુમલા સામે તેમનું રક્ષણ કરવા માટે અમેરિકાએ પૂરતા પગલાં લીધા નથી. હાલમાં આ દેશો પાસે મિસાઈલ ડિફેન્સ ઈન્ટરસેપ્ટરનો સ્ટોક પણ ઝડપથી ઘટી રહ્યો છે. સાઉદી અરબના પૂર્વ ઈન્ટેલિજન્સ ચીફ પ્રિન્સ તુર્કી અલ-ફૈસલે તો ત્યાં સુધી કહ્યું કે, આ સંપૂર્ણપણે નેતન્યાહૂનું યુદ્ધ છે, જેમાં તેમણે ટ્રમ્પને બિનજરૂરી રીતે ખેંચ્યા છે. શનિવારથી શરૂ થયેલા આ સંઘર્ષમાં ઈરાને અત્યાર સુધીમાં ખાડીના ૫ દેશો પર અંદાજે ૩૮૦ મિસાઈલ અને ૧,૪૮૦થી વધુ ડ્રોન છોડ્યા છે.

આ હુમલાઓમાં અત્યાર સુધીમાં કુલ ૧૩ લોકોના મોત થયા હોવાનું મનાય છે. રવિવારે કુવૈતમાં એક સિવિલિયન પોર્ટ પર થયેલા ઈરાની ડ્રોન હુમલામાં ૬ અમેરિકન સૈનિકોએ પણ જીવ ગુમાવ્યા છે. પેન્ટાગોનના અધિકારીઓએ સ્વીકાર્યું છે કે ઈરાનના ડ્રોન હુમલા રોકવા મુશ્કેલ બની રહ્યા છે, જેના કારણે આ વિસ્તારમાં આવેલા અમેરિકન સૈન્ય બેઝ, ઓઈલ ફેસિલિટીઝ અને પ્રવાસન સ્થળો સતત જોખમમાં છે.

બીજી તરફ, વ્હાઈટ હાઉસના પ્રવક્તા એના કેલીએ દાવો કર્યો છે કે અમેરિકાએ ઈરાનના ૯૦% હુમલા નિષ્ફળ બનાવ્યા છે. તેમણે કહ્યું કે, ઓપરેશન એપિક ફ્યુરી દ્વારા ઈરાનની હુમલો કરવાની ક્ષમતા ખતમ કરવામાં આવી રહી છે. જોકે, નિષ્ણાતોનું માનવું છે કે જો આ યુદ્ધ લાંબું ચાલશે તો વૈશ્વિક ઓઈલ માર્કેટ પર તેની માઠી અસર પડશે. ખાડી દેશોને ડર છે કે આ યુદ્ધના કારણે થનારું આર્થિક નુકસાન અને અસ્થિરતાનો સૌથી મોટો ભોગ તેમને જ બનવું પડશે.

### ૩૧ માર્ચ સુધી આ ફ્લાઈટસ પર બંપર ઓફર

# અમેરિકા ઈરાનના યુદ્ધ વચ્ચે ઈન્ડિગોએ આપી પ્રવાસીઓને મોટી રાહત

## ઈન્ડિગોએ મધ્ય પૂર્વ અને ઈસ્તંબુલની ફ્લાઈટ્સ પર ફ્રી વેવર અને ફ્લેક્સેબિલિટી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૦૬**

ઈન્ડિગોએ મધ્ય પૂર્વ અને ઈસ્તંબુલની ફ્લાઈટ્સ પર ફ્રી વેવર અને ફ્લેક્સેબિલિટી ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી લંબાવી છે. ઈરાન-યુએસ-ઈઝરાયલ યુદ્ધ અને સુરક્ષા ચિંતાઓને કારણે મધ્ય પૂર્વના હવાઈ ક્ષેત્રના સતત બંધ થવાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. એરલાઈને જણાવ્યું હતું કે મધ્ય પૂર્વ અને ઈસ્તંબુલ જતી ફ્લાઈટ્સ કેન્સલ થતાં ફુલ વેવર ઓને કેન્સેલેશન આપવામાં આવ્યું છે અને ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી લાગૂ રહેશે,

આ નીતિ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં કરવામાં આવેલા બુકિંગ પર લાગુ પડે છે. અસરગ્રસ્ત મુસાફરોને સંપૂર્ણ રિફંડ અથવા કોઈ વધારાના ચાર્જ વિના તેમની મુસાફરીની તારીખો બદલવાનો વિકલ્પ મળશે. ઈન્ડિગોએ જણાવ્યું હતું કે તેઓ સતત પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યા છે અને સલામતીને પ્રાથમિકતા આપીને ફ્લાઈટ્સને સમાયોજિત અથવા સ્થગિત કરી રહ્યા છે. એરલાઈન ટીમો અસરગ્રસ્ત ગ્રાહકોનો સીધો તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર અથવા ઈમેઈલ સરનામાં પર સંપર્ક કરી રહી છે, તેથી મુસાફરોને એરપોર્ટ પર જતા પહેલા તેમની ફ્લાઈટની સ્થિતિ તપાસવાની સલાહ આપવામાં આવે છે.

યુદ્ધને કારણે, ઈરાન, ઈરાક, જોર્ડન, લેબનોન અને ઈઝરાયલ સહિત મધ્ય પૂર્વના મુખ્ય હવાઈ ક્ષેત્રો બંધ અથવા પ્રતિબંધિત છે. હોર્મુઝ સ્ટ્રેટ અને ગલ્ફ ક્ષેત્રમાં વધતા ખતરાને કારણે અનેક એરલાઈન્સે ફ્લાઈટ્સ રદ કરી છે. ૨૮ ફેબ્રુઆરીથી ઈન્ડિગોની સેંકડો ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે, જેમાં ૬ માર્ચ, ૨૦૨૬ના રોજ ૧૧૨ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. જો કે, કેટલીક સ્વદેશ પરત ફરવાની ફ્લાઈટ્સ જેદ્દાહ, મદીના, મસ્કત અને એથેન્સ જેવા સ્થળોથી કાર્યરત છે. ઈન્ડિગોએ મુસાફરોને એરલાઈનની વેબસાઈટ, એપ્લિકેશન અથવા સોશિયલ મીડિયા પર રીઅલ-ટાઈમ અપડેટ્સ તપાસવા અનુરોધ કર્યો છે. જો ફ્લાઈટ રદ થાય છે, તો સંપૂર્ણ રિફંડ અથવા મફત રિશેડ્યુલિંગનો લાભ લો. એર



ઈન્ડિગોએ જણાવ્યું હતું કે તેઓ સતત પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યા છે અને સલામતીને પ્રાથમિકતા આપીને ફ્લાઈટ્સને સમાયોજિત અથવા સ્થગિત કરી રહ્યા છે

ઈન્ડિયા, અકાસા એર, એમિરેટ્સ અને કતાર એરવેઝ જેવી અન્ય એરલાઈન્સ પણ આવી જ છૂટ આપી રહી છે. આ પગલાથી હજારો મુસાફરોને રાહત મળશે, ખાસ કરીને જેઓ ગલ્ફ દેશોમાં કામ કરે છે અથવા પરિવારની મુલાકાતે આવે છે. પરિસ્થિતિ બદલાતા વધુ અપડેટ્સ ઉપલબ્ધ થઈ શકે છે

### ટ્રમ્પનો કેમ બદલાયો મૂડ

# રશિયા પાસેથી તેલ ખરીદવા ભારતને ૩૦ દિવસની મળી સ્પેશિયલ છૂટ

## આ છૂટથી સમુદ્રમાં ફસાયેલા રશિયન તેલ ટેન્કરોને રાહત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૦૬**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધની સીધી અસર સમગ્ર વિશ્વ પર પડી રહી છે. તેલનો પુરવઠો સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે.

આ જ કારણ છે કે, આગામી ૩૦ દિવસ સુધી, જ્યાં સુધી પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી, ભારત ઈરાનને બદલે રશિયા પાસેથી તેલ ખરીદશે. આ છૂટ અમેરિકા દ્વારા પણ આપવામાં આવી છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ૨૮ ફેબ્રુઆરીથી યુદ્ધ શરૂ થયું હતું. આ સંઘર્ષ ધીમે ધીમે વધી રહ્યો છે. આ કારણે ઈરાને ભારત સહિત વિશ્વભરમાં તેલનો પુરવઠો અસ્થાયી રૂપે બંધ કરી દીધો છે. ભારત પાસે હજુ પણ થોડા અઠવાડિયા જેટલું તેલ બાકી છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિને જોતાં, યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ભારતને આગામી ૩૦ દિવસ માટે રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ખાસ લાઈસન્સ આપ્યું છે.

ઈરાન સાથે લશ્કરી તણાવને કારણે તેલ પુરવઠા પર અસર થવાનું જોખમ વધ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ વધતા ખતરાએ વૈશ્વિક તેલ બજારને અસ્થિર બનાવ્યું છે. આ દરિયાઈ માર્ગ વિશ્વના તેલ વેપાર માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર છે, અને ત્યાં કોઈપણ વિક્ષેપ વૈશ્વિક પુરવઠા શૃંખલાને અસર કરી શકે છે. ભારત મોટાભાગે અન્ય દેશોના તેલ પર આધાર રાખે છે. તેથી, થોડા દિવસો સુધી પુરવઠામાં વિક્ષેપ પણ દેશની વસ્તી પર સીધી અસર કરી શકે છે.

છેલ્લા કેટલાક મહિનામાં, અમેરિકા અને પશ્ચિમી દેશોના દબાણને કારણે ભારતે રશિયા પાસેથી તેની તેલ ખરીદી ઘટાડી દીધી હતી. જો કે, પશ્ચિમ એશિયામાં અચાનક તણાવમાં વધારો થવાથી ઊર્જા પુરવઠો સુરક્ષિત કરવાનું પ્રાથમિકતા બની ગયું છે. પરિણામે, રશિયા પાસેથી તેલ ખરીદી ફરી એકવાર વધશે.

# ગલ્ફ દેશોએ ઓઈલ-ગેસની નિકાસ બંધ કરવી પડશે!

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**કતાર, તા.૦૬**

કતારના ઊર્જા મંત્રીની વિશ્વને શાંતિની અપીલ સાથે ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું કે, જો યુદ્ધને પગલે શિપિંગ રૂટ્સ લાંબા સમય સુધી બંધ રહેશે અને નિકાસકારોના જહાજોની સુરક્ષા જોખમાશે, તો સપ્લાય ચેઈન તૂટી જશે. સપ્લાય ચેઈન તૂટશે તો સેમિકન્ડક્ટરથી લઈને સામાન્ય પરિવહન સુધીના તમામ ક્ષેત્રો પર અત્યંત ગંભીર રીતે નકારાત્મક અસર પડશે. જેના કારણે વૈશ્વિક રીતે અનેક પ્રકારના સંકટો પેદા થઈ શકે છે.

કતારના ઊર્જા મંત્રી સાદ અલ-કાબીએ ચેતવણી આપી છે કે, જો મધ્ય પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ નહીં અટકે, તો મહત્તમ એક મહિનામાં ખાડી દેશોમાંથી થતી ઊર્જા નિકાસ સંપૂર્ણપણે ઠપ થઈ શકે છે. જો એવું થશે તો વૈશ્વિક સ્તરે ફ્યૂલની અછત સર્જાશે અને મોંઘવારી પણ ચરમસીમાએ પહોંચી જશે. જો યુદ્ધને પગલે શિપિંગ રૂટ્સ ઘણાં લાંબા સમય સુધી બંધ રહેશે અને નિકાસકારોના જહાજોની સુરક્ષા જોખમાશે, તો સપ્લાય ચેઈન જ તૂટી જશે.

તે સ્થિતિમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગથી લઈને સામાન્ય પરિવહન સુધીની તમામ સેવા પર નકારાત્મક અસર પડી શકે છે. આ કારણસર વિવિધ દેશમાંથી ઉચ્ચ સ્તરીય રાજદ્વારી હસ્તક્ષેપ દ્વારા શાંતિ નહીં સ્થપાય, તો વિશ્વએ મોટા આર્થિક આંચકા માટે તૈયાર રહેવું પડશે. ઈઝરાયલ-અમેરિકાના હુમલાના જવાબમાં ઈરાને ખાડી દેશો પર સતત હુમલા ચાલુ રાખ્યા છે. આ સ્થિતિમાં ૨ માર્ચે કતારે લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG)નું ઉત્પાદન અટકાવી દીધું હતું. કતાર વૈશ્વિક પુરવઠાના આશરે ૨૦% જેટલા ગેસનું ઉત્પાદન કરે છે, જે એશિયા અને યુરોપના બજારોમાં ઈંધણની માંગ અને પુરવઠાનું સંતુલન જાળવવામાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ સ્થિતિમાં વૈશ્વિક સ્તરે ઊર્જા સંકટ વધુ ઘેરું થવાની આશંકા છે. નોંધનીય છે કે, ૧ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ કતારે ઓપેક દેશોમાંથી સભ્યપદ પાછું ખેંચી લીધું હતું. કતાર ૬૦ વર્ષ સુધી ઓપેકનું સભ્ય હતું, પરંતુ ન્દ્વય્ના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવા કતારે આ નિર્ણય લીધો હતો.




### ‘ધુરંધર: ધ રિવેન્જ’ હવે ૧૯ માર્ચે સોલો રિલીઝ થશે

# યશની ટોક્સિક આખરે ૪ જૂન સુધી મુલતવી; ધુરંધર ૨ માટે હવે મોકળો માર્ગ







## ટોક્સિક - એ ફેઈરી ટેલ ફોર ગ્રોન અપ્સ એવી ફિલ્મ છે જેની કલ્પના અમે વૈશ્વિક દર્શકો માટે બનાવવાના વિઝન સાથે કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

લાંબા સમયથી ચર્ચા અને આતુરતા હતી કે યશની ‘ટોક્સિક’ અને રણવીરની ‘ધુરંધર 2’ વચ્ચે ઈદ દરમિયાન બોક્સ ઓફિસ પર મોટી ટક્કર થશે. પરંતુ હવે એવા અહેવાલો છે કે યશની ‘ટોક્સિક - એ ફેઈરી ટેલ ફોર ગ્રોન અપ્સ’ને 4 જૂન સુધી પાછી ઠેલવામાં આવી છે. તેનો અર્થ એ છે કે ‘ધુરંધર: ધ રિવેન્જ’ હવે 19 માર્ચે સોલો રિલીઝ થશે.

આ અંગે ટોક્સિકના નિર્માતાઓ દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, “કેવીએન પ્રોડક્શન્સ અને મોન્સ્ટર માઈન્ડ ક્રિએશન્સ દ્વારા આજે એક્શન-ડ્રામા ફિલ્મ ટોક્સિક - એ ફેઈરી ટેલ ફોર ગ્રોન અપ્સની ગ્લોબલ થિયેટ્રિકલ રિલીઝને વ્યૂહાત્મક રીતે રી-શીડ્યુલ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ફિલ્મ અગાઉ 19 માર્ચ 2026એ વિશ્વભરમાં રિલીઝ થવાની હતી, પરંતુ મધ્ય પૂર્વમાં ચાલી રહેલી અનિશ્ચિત પરિસ્થિતિ અને વધતા તણાવને કારણે હવે ફિલ્મની રિલીઝ 4 જૂન 2026 એ રાખવામાં આવી છે.”

નિવેદનમાં આગળ કહેવાયું, “તેમના એક મુખ્ય ડિસ્ટ્રિબ્યુશન પાર્ટનર ફાર્સ ફિલ્મ્સની સલાહ અનુસાર આ નિર્ણય લેવામાં આવ્યો છે. નિર્માતાઓ 8 માર્ચે બેંગલુરુમાં દેશભરના મીડિયા સાથે ફિલ્મનું ભવ્ય ટ્રેલર લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યા હતા, તે સ્થિતિમાં આ જાહેરાત આવી છે. ફિલ્મના અંતિમ પ્રમોશનલ શીડ્યુલ પણ તૈયાર કરવામાં આવ્યા હતા. ફિલ્મનું પ્રથમ સિંગલ ‘તબાહી’ 2 માર્ચે રિલીઝ થવાની તૈયારી હતી, છતાં નિર્માતાઓએ મ્યુઝિક વિડિયો અટકાવીને પ્રમોશનને થોડા સમય માટે સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.” નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું, “ટોક્સિક - એ ફેઈરી ટેલ ફોર ગ્રોન અપ્સ એવી ફિલ્મ છે જેની કલ્પના અમે વૈશ્વિક દર્શકો માટે બનાવવાના વિઝન સાથે કરી હતી. કન્નડ અને અંગ્રેજીમાં ફિલ્માવવામાં આવેલી આ ફિલ્મ ઘરઆંગણે તેમજ વિશ્વભરના દર્શકો સાથે જોડાવાની ક્ષમતા સાથે તૈયાર કરવામાં આવી છે. ઘણા વર્ષોની મહેનત પછી અમે 19 માર્ચે આ ફિલ્મ રિલીઝ કરવા ઉત્સુક હતા. પરંતુ હાલની અનિશ્ચિત પરિસ્થિતિ, ખાસ કરીને મધ્ય પૂર્વમાં, અમારા સૌથી વિશાળ દર્શકવર્ગ સુધી પહોંચવાની યોજનાને અસર કરી રહી છે. તેથી અમારા ભાગીદારો અને દર્શકોના હિતમાં અમે રિલીઝ ડેટ બદલવાનો મુશ્કેલ પરંતુ વિચારપૂર્વકનો નિર્ણય લીધો છે. અમે તમારી સમજણ અને સહનશીલતા બદલ આભાર માનીએ છીએ અને આગળ પણ તમારો પ્રેમ અને સહકાર મળતો રહેશે તેવી આશા રાખીએ છીએ.”

સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ટોક્સિક પાસે UAE-GCC વિસ્તારમાંથી 40-50 કરોડ અથવા તેથી વધુ કમાણી કરવાની સંભાવના છે. એક્ઝિબિટર્સ ધુરંધર અને ટોક્સિક વચ્ચેના ક્લેશને લઈને ચિંતિત હતા. પરંતુ હવે તેઓ રાહતનો શ્વાસ લઈ શકે છે. પરંતુ હવે યશની ટક્કર વરુણ ધવન સાથે થશે, વરુણની ‘હૈ જવાની તો ઈશ્ક હોના હૈ’ ફિલ્મ 5 જૂને રિલીઝ થવાની છે, એટલે ટોક્સિક અને હૈ જવાની તો.. એક જ ઓપનિંગ વીકએન્ડ શેર કરશે, જેના કારણે ટ્રેડ સર્કલમાં ચર્ચા શરૂ થઈ છે કે બોક્સ ઓફિસ પર યશ અને વરુણ ધવન વચ્ચે ટક્કર જોવા મળી શકે છે.

### આલીયાએ ૨૦૨૨માં ગંગુબાઈ કાઠિયાવાડી ફિલ્મ કરી હતી

## ભણસાલીની ‘લવ એન્ડ વોર’નું શૂટ પુર્ણતાને આરે- આલિયાની ખાતરી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

આલિયા ભટ્ટે મેટ ગાલા પછી બાફ્ટામાં એન્ટ્રી કરી અને ત્યાર બાદ તે મિલાન ફેશન વીકમાં ગુચીની એમ્બેસેડર તરીકે હાજર રહી હતી. ત્યાર બાદ વોગ દ્વારા પણ તેનો વીડિયો જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં તે તૈયાર થઈ રહી હતી. ત્યારે તેણે હવે મિલાનમાં બીજી વખત હાજરી અંગે અને ભણસાલી સાથે ‘લવ એન્ડ વૉર’માં કામ કરવાના અનુભવ વિશે પણ વાત કરી હતી.

આલિયાએ કહ્યું કે, તેને મિલાન શહેર, ત્યાંના લોકો અને ત્યાંના ખાન-પાન વિષે પણ વાત કરી હતી. પોતાની આવનારી ફિલ્મ વિશે વાત કરતાં આલિયાએ કહ્યું, “હાલ હું લવ એન્ડ વૉર નામની ફિલ્મ પર કામ કરી રહી છું. આ ફિલ્મ સંજય લીલા ભણસાલીએ ડિરેક્ટ કરી છે. અમારું શૂટિંગ બસ પૂરું જ થવા આવ્યું છે, અંતિમ તબક્કામાં છે. આ અનુભવ ખરેખર જાદુઈ છે. સંજય સર સાથે કામ કરવું એ જીવનમાં એક જ વાર મળે એવો અનુભવ હોય છે, મને એ મળ્યો તેના માટે હું નસીબદાર છું.”

આલિયા સિવાય આ ફિલ્મમાં રણબીર કપૂર અને વિકી કૌશલ પણ છે. આલિયાની આ ભણસાલી સાથેની બીજી ફિલ્મ છે. આ પહેલાં તેણે તેમની સાથે ૨૦૨૨માં ગંગુબાઈ કાઠિયાવાડી ફિલ્મ કરી હતી. તેના માટે આલિયાને નેશનલ એવોર્ડ પણ મળ્યો હતો. ગયા અઠવાડિયે રણબીરે પણ પોતાનાં ઈસ્ટાગ્રામ લાઈવમાં આ ફિલ્મ પોસ્ટપોન્ડ થઈ હોવાની વાત કરી હતી. જોકે, હજુ આ ફિલ્મની રિલીઝ ડેટ અંગે કોઈ જ તારીખ જાહેર થઈ નથી. સૌ પહેલાં આ ફિલ્મ ૨૦૨૫ના ક્રિસમસ પર રિલીઝ થવાની હતી. ત્યાર બાદ ફિલ્મને ૨૦ માર્ચ, ૨૦૨૬ સુધી પોસ્ટપોન્ડ કરવામાં આવી. તેથી હવે એવા અહેવાલ હતા કે ફિલ્મ હવે ૨૦૨૭માં રિલીઝ થશે.

# સલમાન ખાન રાજ અને ડીકેની આગામી ફિલ્મમાં સુપરહીરો અવતારમાં આવી શકે

## ફિલ્મનું નિર્માણ મૈથરી મુવી મેકર્સ અને રીલ લાઇફ એન્ટરટેઇન્મેન્ટ દ્વારા થવાનો અંદાજ છે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

એક તરફ સલમાનની ‘બેટલ ઓફ ગલવાન’ની રાહ જોવાઈ રહી છે, ત્યારે હવે બીજી તરફ સલમાન એક સુપરહિરો અવતારમાં જોવા મળી શકે એવા અહેવાલો છે. એવી ચર્ચા છે કે છેલ્લા ત્રણ મહિનાથી ફિલ્મમેકર જોડી રાજ નિદિમોરુ અને ક્રિશના ડિ.કે. એટલે કે રાજ એન્ડ ડીકે સાથે સલમાનની ચર્ચા વિચારણાઓનો દોર ચાલે છે. સુત્રોના જણાવ્યા મુજબ હવે આ ચર્ચા એક રસપ્રદ પ્રોજેક્ટ તરફ આગળ વધી રહી છે.



સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, રાજ અને ડીકે સલમાન માટે એક અનોખી સુપરહીરો ફિલ્મ પર કામ કરી રહ્યા છે, જે હોલિવૂડની ફિલ્મ ‘હેંકોક’ જેવી હોવાનો અંદાજ છે. સુત્રે જણાવ્યું કે, ફિલ્મમાં સલમાન ખાન એક એવા સુપરહીરોનો રોલ કરશે જે વર્ષો સુધી દુનિયાને બચાવ્યા બાદ હવે થાકી ગયો છે અને પોતાનું કામ છોડીને નિવૃત્ત થવા માગે છે. પરંતુ પરિસ્થિતિઓ તેને શાંતિથી જીવવા દેતી નથી અને વારંવાર તેને ફરી એક્શનમાં પાછા ખેંચે છે, જેના કારણે તે વધુ મોટા સંઘર્ષમાં ફસાઈ જાય છે. ફિલ્મમાં કોમેડી અને સુપરહીરો તત્વોનું મિશ્રણ હશે, એટલે કે એક હાઈ-કોન્સેપ્ટ સુપરહીરો કોમેડી ફિલ્મ હશે.

સૂત્રો અનુસાર સલમાન ખાનને આ વિચાર ખુબ ગમ્યો છે, પરંતુ તે રાજ અને ડીકે પાસેથી સંપૂર્ણ સ્ક્રીનપ્લેની રાહ જોઈ રહ્યો છે. સલમાનની મુખ્ય ચિંતા ફિલ્મના બજેટને લઈને છે. તેણે નિર્માતાઓને સુચન કર્યું છે કે ફિલ્મ યોગ્ય બજેટમાં બનાવવામાં આવે, કારણ કે સલમાન અત્યંત મોંઘી સુપરહીરો ફિલ્મ કરવા માટે તૈયાર નથી.

અહેવાલ મુજબ, એપ્રિલ ૨૦૨૬માં સલમાન ખાન અને રાજ-ડીકે વચ્ચે સ્ક્રિપ્ટ નેરેશન થવાની શક્યતા છે. જો બધું આયોજન મુજબ ચાલશે તો ફિલ્મનું શૂટિંગ નવેમ્બર ૨૦૨૬માં શરૂ થઈ શકે છે. ફિલ્મનું નિર્માણ મૈથરી મુવી મેકર્સ અને રીલ લાઈફ એન્ટરટેઈન્મેન્ટ દ્વારા થવાનો અંદાજ છે.

### સોશિયલ મીડિયા પર ફેન્સ આવ્યા સામ સામે

# કૃતિ સેનનને એવોર્ડ મળતા યામી ગૌતમ નારાજ?

## સમગ્ર વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે ઇન્સ્ટાગ્રામ પર એક પેજ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોને યામી ગૌતમે લાઈક કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલીવુડમાં પ્રતિભા અને એવોર્ડને લઈને અવારનવાર વિવાદો થતા રહે છે, પરંતુ આ વખતે લડાઈ બે દિગ્ગજ અભિનેત્રીઓ વચ્ચેના મૌન સંકેતોથી શરૂ થઈ છે. હાલમાં જ યોજાયેલા એક એવોર્ડ ફંક્શનમાં કૃતિ સેનનને બેસ્ટ એક્ટર્સ એવોર્ડ મળતા જ ઈન્ટરનેટ પર નવી ચર્ચા છેડાઈ છે. સોશિયલ મીડિયા યુઝર્સ અને ફિલ્મ વિવેચકો વચ્ચે એ વાતને લઈને બે ભાગ પડી ગયેલા જોવા મળી રહ્યા છે.



ચર્ચાનો મુદ્દો એવો છે કે, આ એવોર્ડ માટે કૃતિ હકદાર હતી કે પછી અન્ય કોઈ અભિનેત્રીની અવગણના કરવામાં આવી છે? આ વિવાદમાં યામી ગૌતમની એક નાની પ્રતિક્રિયાએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે.

સમગ્ર વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે ઈન્સ્ટાગ્રામ પર એક પેજ દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોને યામી ગૌતમે લાઈક કર્યો. આ વીડિયોમાં કૃતિ સેનનને એવોર્ડ લેતા બતાવવામાં આવી હતી અને તેની સાથે યામીના એક જૂના ઈન્ટરવ્યુની ક્લિપ જોડવામાં આવી હતી, જેમાં તે એવોર્ડ શોની પારદર્શિતા પર સવાલ ઉઠાવી રહી હતી. યામીના આ એક ‘લાઈક’ થી સોશિયલ મીડિયા પર હલચલ મચી ગઈ છે. લોકો એવું માની રહ્યા છે કે યામી પોતે પણ કૃતિને મળેલા એવોર્ડથી નારાજ છે અને આડકતરી રીતે પોતાનો વિરોધ નોંધાવી રહી છે. આ વીડિયો વાયરલ થતા જ કૃતિ અને યામીના ફેન્સ સામસામે આવી ગયા છે.

ઘણા યુઝર્સે યામીની ફિલ્મ ‘હક’ ની સરખામણી કૃતિની ફિલ્મ ‘તેરે ઈશ્ક મેં’ સાથે કરી છે.

યામીના સમર્થકોનું કહેવું છે કે ‘હક’ ફિલ્મમાં યામીનું પ્રદર્શન ઘણું ઉમદા હતું અને ફિલ્મનું બોક્સ ઓફિસ કલેક્શન પણ શાનદાર રહ્યું હતું, તેમ છતાં તેની અવગણના કરવામાં આવી. બીજી તરફ, કૃતિના સમર્થકો દલીલ કરી રહ્યા છે કે કૃતિ પણ એક ઉત્તમ અભિનેત્રી છે અને તેણે પોતાની મહેનતથી આ એવોર્ડ હાંસલ કર્યો છે. યામી ગૌતમે જે રીતે રિલ લાઈક કરી છે, તેનાથી સ્પષ્ટ થાય છે કે તેને પણ ક્યાંક અન્યાય થયો હોવાની લાગણી થઈ રહી છે. ફિલ્મ ‘હક’ માટે યામીને વિવેચકો તરફથી ઘણી પ્રશંસા મળી હતી, પરંતુ એવોર્ડ શોમાં તેને ખાલી હાથે પરત ફરવું પડ્યું છે. આ કોઈ પહેલી વાર નથી જ્યારે બોલીવૂડમાં લોબિંગ કે પક્ષપાતના આક્ષેપો થયા હોય. ભૂતકાળમાં પણ ઘણા કલાકારોએ એવોર્ડ શોનો બહિષ્કાર કર્યો છે. હવે જોવાનું એ રહેશે કે કૃતિ સેનન આ વિવાદ પર કોઈ પ્રતિક્રિયા આપે છે કે કેમ.

### અનુજ અગ્નિહોત્રી બન્યો ટોપર

# UPSC સિવિલ સર્વિસ ૨૦૨૫નું ફાઈનલ પરિણામ જાહેર થયું






(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૬**

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ સિવિલ સર્વિસીસ મેઈન પરીક્ષા ૨૦૨૫ ના પરિણામો જાહેર કર્યા છે. પરિણામો આજે સત્તાવાર વેબસાઈટ, upsc.gov.in પર જાહેર કરવામાં આવ્યા છે. UPSC CSE 2025 પરીક્ષા આપનારા ઉમેદવારો સત્તાવાર UPSC વેબસાઈટની મુલાકાત લઈને તેમના પરિણામો ચકાસી શકે છે. આ પરીક્ષાનો ઉપયોગ IAS, IPS અને IFS માટે ઉમેદવારો પસંદ કરવા માટે થાય છે. આ વર્ષે, અનુજ અગ્નિહોત્રીએ સિવિલ સર્વિસીસ પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. રાજેશ્વરી સુવેમ બીજા સ્થાને છે અને આકાંશ ધુલ ત્રીજા સ્થાને છે.

કમિશન અનુસાર, આ વર્ષે કુલ ૯૫૮ ઉમેદવારોએ પરીક્ષા પાસ કરી છે. UPSC દ્વારા જારી કરાયેલ એક સૂચનામાં જણાવાયું છે કે નિમણૂક પ્રક્રિયા અંગેની સૂચનાઓ ટૂંક સમયમાં પસંદ કરાયેલા તમામ ઉમેદવારોને મોકલવામાં આવશે. સફળ ઉમેદવારોને ભારતીય વહીવટી સેવા (IAS), ભારતીય વિદેશ સેવા (IFS) અને ભારતીય પોલીસ સેવા (IPS) સહિત વિવિધ કેન્દ્રીય સેવાઓમાં નિયુક્ત કરવામાં આવે છે.

UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા ૨૦૨૫ માટેના ઈન્ટરવ્યુ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ પૂર્ણ થયા હતા. મુખ્ય પરીક્ષામાં તેમના પ્રદર્શનના આધારે, ૨,૭૩૬ ઉમેદવારોને ઈન્ટરવ્યુ રાઉન્ડ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા.

UPSC CSE પરિણામ ચેક માટે સત્તાવાર વેબસાઈટ https://upsc.gov.in upsc.gov.in ની મુલાકાત લો. હોમપેજ પર What's New સેક્શન દેખાશે. તેમાં Examination > Active Examinations અથવા Results પર ક્લિક કરો. અહીં એક પરીક્ષા લિંક હશે: Civil Services (Main/Final) Examination,. તેના પર ક્લિક કરો. પરિણામ હવે PDF ડૉક્યુમેન્ટ તરીકે દેખાશે. ડાઉનલોડ આઈકોન પર ક્લિક કરો અને તેને સેવ કરો. પીડીએફમાં તમારો રોલ નંબર અથવા નામ શોધવા માટે પીડીએફ વ્યૂઅરમાં સર્ચ ફંક્શન (Ctrl+F) નો ઉપયોગ કરો.

**ટોપ ૧૦ સ્થાન મેળવનારા ઉમેદવારોની યાદી**

૧. અનુજ ગ્નિહોત્રી
૨. રાજેશ્વરી સુવે એમ
૩. આકાંશ ધૂલ શીર્ષ
૪. રાઘવ ઝુનઝુનવાલા
૫. ઈશાન ભટનાગર
૬. જીનિયા અરોરા
૭. એ આર રાજા મોહદીન
૮. પક્ષલ સેક્રેટરી
૯. આસ્થા જૈન
૧૦. ઉજ્જવલ પ્રિયાંક

# શિક્ષણ ક્ષેત્રે વાપી સેન્ટ મેરી સ્કૂલનું નવું સોપાન: ૪૦ વર્ષના ગૌરવશાળી ઈતિહાસ બાદ હવે CBSE બોર્ડ સાથે જોડાણ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૦૬**

શિક્ષણ જગતમાં છેલ્લા ૪૦ વર્ષથી અગ્રેસર રહેલી પ્રતિષ્ઠિત વાપી ચણોદ કોલોની ખાતે આવેલ સેન્ટ મેરી સ્કૂલ દ્વારા એક મહત્વપૂર્ણ પરિવર્તનની જાહેરાત કરવામાં આવી છે. વાલીઓની સતત વધી રહેલી માંગ અને આધુનિક શિક્ષણ પદ્ધતિને ધ્યાનમાં રાખીને, શાળાએ હવે ગુજરાત બોર્ડ (GSEB) ને બદલે CBSE (Central Board of Secondary Education) બોર્ડ સાથે જોડાણ કર્યું છે.

CBSE જોડાણ સાથે હવે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરનો NCERT અભ્યાસક્રમ ભણાવવામાં આવશે, જે નીટ (NEET) અને JEE જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પાયો મજબૂત બનાવશે.

સેન્ટ મેરી સ્કૂલે છેલ્લા અનેક વર્ષોથી ધોરણ ૧૦ માં સતત ૧૦૦% પરિણામ મેળવીને શૈક્ષણિક ગુણવત્તા સાબિત કરી છે.

નવા શૈક્ષણિક સત્ર માટે CBSE માધ્યમમાં પ્રવેશ પ્રક્રિયા (Admission Open) શરૂ કરી દેવામાં આવી છે.

શાળાના આચાર્યએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ''અમારો મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરનું શિક્ષણ આપવાનો છે. ૪૦ વર્ષના બહોળા અનુભવ સાથે CBSE બોર્ડનું આ જોડાણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં એક માઈલસ્ટોન સાબિત થશે.''

શાળાની આ સફળતા પાછળ સમર્પિત શિક્ષકગણ (Teaching Staff) નો મોટો ફાળો રહ્યો છે. આ પરિવર્તનથી આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ ભવિષ્યના દ્વાર ખુલશે તેવો આશાવાદ સંચાલકો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. એક નવા યુગની શરૂઆત સાથે સેન્ટ મેરી સ્કૂલ હવે રાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવા સજ્જ છે.

# ગુજરાતમાં ફરી ચૂંટણીનો માહોલ: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ઢોલ વાગ્યા! ૧ મે બાદ યોજાશે

## ૨૬૦ તાલુકા ગુજરાતમાં પંચાયત, ૩૨ જિલ્લા પંચાયત, ૧૫ મનપા અને ૭૧ નપમાં ચૂંટણી યોજાઈ શકે છે



(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૦૬**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓનો ધમધમાટ હવે જોવા મળી રહ્યો છે. રાજ્યમાં લાંબા સમયથી બાકી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે તૈયારીઓ તેજ બની છે. નવા અપડેટ આવ્યા છે કે, આગામી ૧ મે પછી ચૂંટણી યોજાઈ શકે છે, તેથી રાજકીય પક્ષોમાં ધમધમાટ શરૂ થઈ ગયો છે. ગુજરાતમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ત્રણેય રાજકીય પક્ષોએ પોતાના સોગઠા ગોઠવવાનું શરૂ કરી દીધું છે.

ગુજરાતમાં ભર ઉનાળે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આવી જાય તેવા ભણકારા વાગી રહ્યાં છે. હવે સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, સંભવ ૧ મેના રોજ મતદાન યોજાય તેવી શક્યતા છે. ગુજરાત સ્થાપનાના દિનના દિવસે ગુજરાતમાં ૨૬૦ તાલુકા ગુજરાતમાં પંચાયત, ૩૨ જિલ્લા પંચાયત, ૧૫ મહાનગરપાલિકા અને ૭૧ નગરપાલિકાઓમાં ચૂંટણી યોજાઈ શકે છે. રાજ્ય ચૂંટણી આયોગે આ માટે મતદાર મંડળો-યાદીને આખરી આપ આપવા પ્રાથમિક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. ત્યારે આકરી ગરમી વચ્ચે ગુજરાતમાં ચૂંટણીના માહોલને કારણે ગરમાવો આવશે.

રાજ્ય ચૂંટણી આયોગે જીંઈ પછી ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા-ECIની મતદાર યાદીને આધારે પંચાયતોમાં મતક્ષેત્રો અને પાલિકાઓમાં વોર્ડમાં બેઠકોની ફાળવણી માટે પ્રાથમિક જાહેરનામાઓ પ્રસિધ્ધ કર્યા છે. સંભવતઃ માર્ચ મહિનાના અંત સુધીમાં તેને ફાઈનલ કરી દેવામાં આવે તેવી શક્યા છે. તેના બાદ એપ્રિલ મહિનાના બીજા કે ત્રીજા સપ્તાહે ચૂંટણી જાહેર કરવા લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેના આધારે શક્યતા ૧ મે બાદ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. બીજો પાયદો એ પણ છે કે, ગુજરાતની અનેક નગરપાલિકા, પંચાયતોમાં વહીવટદારોનું શાસન છે. તો કેટલીક પાલિકાઓમાં જલ્દી જ પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુદત પૂર્ણ થઈ જશે. નવા પ્રતિનિધિ નહિ ચૂંટાય ત્યા સુધી તમામ પાલિકાઓમાં વહીવટદારો રાજ કરશે. જે અંતર્ગત સરકારના પ્રતિનિધિઓ જેમકે, આઈએએસ, GAS સહિતના અધિકારીઓ ચાર્જ સંભાળશે. ગુજરાતની તમામ પાલિકા અને નગરપાલિકાઓમાં ૯ થી ૧૧ માર્ચ દરમિયાન તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુદત પૂરી થઈ રહી છે. જેમ કે, નગરસેવકો, કોર્પોરેટર, મેયર, પ્રમુખ સહિતના સમયગાળાનો અંત આવશે. તેથી ૧૦ માર્ચથી ૨૦ મે સુધી વહીવટદારો ગુજરાતમાં રાજ કરશે. જ્યા સુધી ચૂંટણી નહિ થાય, અને પ્રતિનિધિ નહિ ચૂંટાય, અને પ્રતિનિધિઓની પ્રથમ બેઠક નહિ મળે ત્યાં સુધી વહીવટ સરકારી અધિકારીઓ કરશે.

# ધરમપુરમાં વિશ્વ મહિલા દિવસ નિમિતે ‘વાચિકમ’ કાર્યક્રમ યોજાશે

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૦૬**

વિશ્વ મહિલા દિવસની પૂર્વસંધ્યાએ ધરમપુરમાં એક અનોખા કલા અને સાહિત્યિક કાર્યક્રમ ‘વાચિકમ’નું આયોજન કરવામાં આવ્યું છે. ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત માહારાણા શ્રી નારણદેવજી લાઈબ્રેરી અને સાહિત્ય પ્રભાત, ધરમપુરના સંયુક્ત ઉપક્રમે શનિવાર, તા.૭ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે ૮.૩૦ વાગ્યે શ્રી લક્ષ્મીનારાયણ મંદિર પરિસર, મોટા બજાર, ધરમપુર ખાતે આ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યની સ્ત્રી કેન્દ્રિ વાર્તાઓ અને કવિતાઓનું ભાવસભર વાચન ફિલ્મ, ટીવી અને નાટ્ય કલાકારો ધ્વનિ ત્રિવેદી, બિનિતા શાહ, રંજનાબેન પટેલ, કેશા દેસાઈ અને હદી દેસાઈ દ્વારા કરવામાં આવશે. કાર્યક્રમનું દિગ્દર્શન અને સંચાલન વૈભવ મુકેશ દેસાઈ દ્વારા કરવામાં આવશે જ્યારે સંગીત સંચાલન યશ ઉપાધ્યાય કરશે.

વિશ્વ મહિલા દિવસના અવસરે આયોજિત આ અનોખા કલા અને સાહિત્યના કાર્યક્રમમાં ધરમપુર અને આસપાસના વિસ્તારોના સાહિત્યપ્રેમીઓ તથા નાગરિકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમનો લાભ લેવા આયોજકો દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# વલસાડ પારનેરા ડુંગરી ફળીયા વિસ્તારમાં દારૂ ભરેલી ઈકો કાર થાંભલા સાથે અથડાવી ડ્રાઈવર ફરાર

## બીજા બનાવમાં ૧.૫૨ લાખ દારૂનો જથ્થો ભરેલી ઈનોવા કાર ઝડપાઈ, બેની અટક





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૦૬**

વલસાડ જિલ્લામાં સતત બુટલેગરો અને પોલીસની સંતાકૂકડીની રમત લગભગ દરરોજ જેવી રમાતી રહે છે. પરંતુ જિલ્લાની જાંબાઝ પોલીસ બુટલેગરો ગમે તેવા પેંતરા, નુશકા કરે પણ પોલીસની બાઝ નજર તેમને પકડી પાડે છે. આજે શુક્રવારે વલસાડના પારનેરા ડુંગરના ડુંગરી ફળીયા વિસ્તારમાં બુટલેગર ઈકો કારમાં દારૂનો જથ્થો ભરી જઈ રહ્યો હતો ત્યારે પોલીસે પીછો કરતા ઈકો કાર ચાલકે કાર ઈલેક્ટ્રીક થાંભલા સાથે ભટકાવીને ફરાર થઈ ગયો હતો.

વલસાડ જિલ્લામાં દરરોજ એક ઉપરાંત દારૂનો જથ્થો ભરેલા વાહનો પકડતી રહે છે. આજે હાઈવે ઉપર ઈનોવા કારમાં દારૂના જથ્થા સાથે મુંબઈ મીરા રોડના બે બુટલેગરોને પોલીસે દબોચી લીધા હતા. કારમાં નંબર પ્લેટો સાથે ૧.૫૨ લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સોહન માલી અને ગણપતરાજ પરમાર નામના બે બુટલેગરોની અટક કરીને કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસે કાર નં.એમ.એચ.૦૪.ડીજે ૨૮૭૧ મુદ્દામાલ તરીકે જપ્ત કરી હતી.

### ચીખલીના તલાવચોરા ખાતે પૌત્રને લેવા ગયેલ

# પીપલગભાણના વૃદ્ધને અજાણ્યા વાહને ટક્કર મારતા સારવાર દરમિયાન મોત

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**ચીખલી(વંકાલ), તા.૦૬**

ચીખલીના તલાવચોરા સંજય ફાર્મ ખાતે પૌત્રને ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે લેવા ગયેલા પીપલગભણના વૃદ્ધનું અજાણ્યા વાહનની ટક્કરે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

ચીખલી તાલુકાના પીપલગભણ ભરવાડ ફળીયા ખાતે રહેતા દિનેશભાઈ મીઠ્ઠલભાઈ પટેલ (ઉ.વ.૬૯) જે ગુરૂવારની સાંજના સવા સાતેક વાગ્યાના સુમારે મોટર સાયકલ નં-જીજે-૨૧-આર-૮૩૧૧ લઈને તલાવચોરા સ્થિત સંજય ફાર્મ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પૌત્રને લેવા જઈ રહ્યા હતા.

દરમિયાન એક અજાણ્યા વાહન ચાલકે પોતાના કબ્જાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મોટર સાયકલ સવાર દિનેશભાઈને અડફતે લેતા માથાના ભાગે પગના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે ચીખલીની સ્પંદન હોસ્પિટલ ખાતે ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા બનાવ અંગેની ફરિયાદ મરનારના પુત્ર કમલ દિનેશભાઈ પટેલ (ઉ.વ.૩૭) (રહે.પીપલગભણ ભરવાડ ફળીયા તા.ચીખલી જી.નવસારી)એ કરતા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ શ્રી એફ.એચ.પટેલ કરી રહ્યા છે.

### નવસારી જિલ્લાકક્ષા યુથ એસેમ્બલી કાર્યક્રમ-૨૦૨૬ યોજાયો

# શિવાની સિસોદિયા રાજ્યકક્ષાએ યોજાનાર યુથ એસેમ્બલી સ્પર્ધામાં ભાગ લઈ નવસારી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે








(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**નવસારી, તા.૦૬**

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર પ્રેરિત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, નવસારી દ્વારા ૧૫ થી ૨૯ વર્ષના યુવક-યુવતીઓ માટે નવસારી જિલ્લાકક્ષા યુથ એસેમ્બલી કાર્યક્રમ ૨૦૨૫-૨૬નું આયોજન આશ્રમશાળા ભક્તાશ્રમના સહયોગથી કરવામાં આવ્યું હતું. સ્પર્ધકોમાં પ્રથમ ક્રમ મેળવનાર શિવાની સિસોદિયા રાજ્યકક્ષાએ યોજાનાર યુથ એસેમ્બલી સ્પર્ધામાં ભાગ લઈ નવસારી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. યુવાઓમાં લોકશાહી પદ્ધતિ, વિધાનસભાની કાર્યપ્રણાલી તથા સંસદીય પરંપરાઓ વિશે જાગૃતિ વધે અને તેમના વક્તૃત્વ, ચર્ચા તથા નેતૃત્વના ગુણોનો વિકાસ થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ સ્પર્ધામાં નવસારી જિલ્લાની ચારેય વિધાનસભા બેઠકોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર સ્પર્ધકોએ જિલ્લાકક્ષાએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન સ્પર્ધકોએ વિવિધ સામાજિક, શૈક્ષણિક અને વિકાસલક્ષી મુદ્દાઓ પર સંસદીય શૈલીમાં પોતાના વિચારો રજૂ કર્યા હતા.

જિલ્લાકક્ષાની આ સ્પર્ધામાં શિવાની સિસોદિયા પ્રથમ ક્રમે, કશિશ શાહ દ્વિતીય ક્રમે અને હર્ષિતા શ્રીમાળી તૃતીય ક્રમે વિજેતા રહ્યા હતા. વિજેતાઓને અભિનંદન પાઠવી પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ધરમપુર મોટી ઢોલડુંગરીના પ્રાથમિક શાળાના બાળકો માટે ફોરેસ્ટ અને ડુંગર ટ્રેકિંગનું આયોજન કરાયું







(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા. ૦૬**

આજરોજ તા.૦૬/૦૩/૨૦૨૬ના દિને ધરમપુર તાલુકા મોટીઢોલ ડુંગરી ગમનજ પ્રાથમિક શાળાના અમારા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ આનંદદાયક અને જ્ઞાનવર્ધક દિવસ રહ્યો છે. ફોરેસ્ટ વિભાગના અધિકારી શ્રી શક્તિસિંહ ચાવડા તથા તેમની સમગ્ર ટીમ દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ જ સુંદર અનુભવ કરાવવામાં આવ્યો હતો.

સવારથી જ વિદ્યાર્થીઓને પ્રેમપૂર્વક નાસ્તો કરાવી ખટાણા ગામ ખાતે આવેલા ફોરેસ્ટ વિસ્તારના ડુંગર પર ટ્રેકિંગ કરાવવામાં આવ્યું. ટ્રેકિંગ દરમિયાન ડુંગર પર કરવામાં આવેલા પ્લાન્ટેશન અંગે ખૂબ જ સરળ અને સમજણભરી માહિતી આપી, જેથી બાળકોમાં પકૃતિ પ્રત્યેનો પ્રેમ અને પર્યાવરણ બચાવવાની ભાવના વધુ મજબૂત બને. ત્યારબાદ રાજપુરી ગામ ખાતે આવેલી સેન્ટ્રલ નર્સરીની મુલાકાત કરાવી વિવિધ છોડ-વૃક્ષોની સંભાળ, તેમનું મહત્વ અને પર્યાવરણ માટેની તેમની ઉપયોગિતા અંગે સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અંતે તમામ બાળકોને સ્નેહપૂર્વક ભોજન કરાવી સૌએ જે આત્મિયતા દર્શાવી છે તે ખરેખર પ્રશંસનીય છે. આ પ્રકારનો અનુભવ વિદ્યાર્થીઓના જીવનમાં માત્ર આનંદ જ નહીં પરંતુ શીખવાનો એક સારો અવસર બની રહે છે.

આ બદલ શાળા પરિવાર તરફથી શક્તિસિંહ ચાવડાતથા તેમની સમગ્ર ટીમનો દિલથી ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

**CHANGE OF NAME**

It is for General Information that I **FATESINGH GOVINDBHAI PATEL S/O PATEL VAIBHAV FATESING** R/O HOUSE NO.859, NEAR PRATHMIK SHALA, BORIGAM, DISTRICT VALSAD 396235. Declare That Name of Mine and My Minor Son Name **PATEL VAIBHAV FATESING AND MY NAME FATESING GOVINDBHAI PATEL** is which is true statement. I Further State that Named such as **PATEL VAIBHAV FATESINGH AND PATEL VAIBHAV FATESING** is well as **FATESINGH GOVINDBHAI PATEL AND FATESING GOVINDBHAI PATEL** are both one and the same persons.

**દસ્તાવેજ ખોવાયેલ છે**

**સામરવરણી વનમાળી પાર્કમાંથી દસ્તાવેજની ઓરીજનલ કોપી. જે મીનાબેન ધીરૂભાઈ પટેલના નામે ચાલી આવેલ છે. સદર દુકાનની ઓરીજનલ કોપી મળતા સદર એડ્રેસ પર પરત કરવી.**

**મીનાબેન ધીરૂભાઈ પટેલ**
**રૂદ્રવીલા – ૪૭ સામરવરણી મો. ૯૭૨૪૫૦૩૪૨૩**

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# ઉમરગામ મરોલીના ૨૫થી વધુ માછીમારો ઈરાનના કિસ્ટ ટાપુ પર ફસાયા: સંપર્ક ન થતાં પરિવારજનોમાં ચિંતા





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૬

ઈઝરાયલ-અમેરીકા-ઈરાન વચ્ચે છેલ્લા છ દિવસથી ભિષણ યુધ્ધ ચાલી રહ્યુ છે. ચારે તરફ મિશાઈલો દ્વારા તબાહી તબાહી સાથે વિનાશ થઈ ચૂક્યો છે. તેની અસર વલસાડ જિલ્લા સુધી વિસ્તરી છે. ઉમરગામ તાલુકાના મરોલી ગામના ૨૫ ઉપરાંત માછીમારો ઈરાનમાં માછીમારી કરવા શીપમાં ગયા હતા. તમામ માછીમારો ઈરાનના કિસ્ટ ટાપુ ઉપર યુધ્ધની ભયાનક સ્થિતિમાં ફસાઈ ગયા છે. છેલ્લા છ દિવસથી પરિવારો સાથે સંપર્ક તૂટી ગયો છે.

ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધને લઈ સમગ્ર ખાડીના દેશોમાં અત્યારે યુદ્ધ જેવી પરિસ્થિતિ છે ત્યારે આ યુદ્ધની અસર વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના મરોલી ગામના ૨૫ ઉપરાંત માછીમારી કરવા ઈરાનના કિસ્ટ ટાપુ પર ગયા હતા. જોકે યુદ્ધના માહોલ વચ્ચે માછીમારો ફસાઈ ચૂક્યા છે.

## ઈરાનમાં ફસાયેલા માછીમારોને હેમખેમ ભારત લાવવા સરકાર પાસે પરિવારે મદદની માંગ કરી છે

પરિવાર સાથે છ દિવસથી સંપર્ક તૂટી ગયો છે. પરિવારો ચિંતામાં મુકાઈ ગયા છે. માછીમારો જીવ બચાવવા માટે કિસ્ટ ટાપુથી અન્ય ટાપુ ઉપર જતા રહ્યા છે. ત્યારે તેમને ભારત લાવવા માટે પરિવારે સરકારને અપીલ કરી છે. ઈરાન-અમેરીકા-ઈઝરાયલના યુધ્ધની સીધી અસર હવે દક્ષિણ ગુજરાતમાં થઈ રહી છે. દક્ષિણ ગુજરાતના સંખ્યાબંધ લોકો માછીમારી કરવા ઈરાન તરફ જાય છે. તો બીજી તરફ ઈરાને ખાડી દેશો દુબઈ, યુ.એ.ઈ., સીરીયા જેવા ૯ જેટલા દેશો ઉપર પણ મિશાઈલો છોડી યુધ્ધની ગર્તામાં ધકેલી દીધેલા છે. આ ખાડી દેશોમાં પણ દક્ષિણ ગુજરાતના સેંકડો લોકો યુધ્ધમાં ફસાઈ ચૂક્યા છે. ભારત સરકાર વિમાનો દ્વારા તેમને ભારત લાવવા અભિયાન ચાલુ કરી દીધું છે. પરંતુ પોતાના સ્વજન ઘરે પરત નહી આવે ત્યાં સુધી સેંકડો પરિવારના જીવ પડીકે બંધાઈ ચૂકેલા છે.

### રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે

# વાપી ખાતે 'વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ ૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ







(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૬

રાજયના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલયના ફ્લેગશિપ પ્રોગ્રામ અંતર્ગત 'માય ભારત' વલસાડ દ્વારા વાપીની કે.બી.એસ. કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે 'વિકસિત ભારત યુથ પાર્લામેન્ટ ૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

યુવા સંસદીયોને સંબોધતા નાણામંત્રી કનુભાઈ દેસાઈ એ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત @2047'ના સ્વપ્નને સાકાર કરવામાં યુવાનોની ભૂમિકા સૌથી મહત્વની છે. માય ભારત વલસાડ દ્વારા આ પ્રકારના કાર્યક્રમો થકી યુવાનોમાં લોકશાહીના મૂલ્યો અને નેતૃત્વના ગુણો વિકસાવવા માટે કરવામાં આવેલા પ્રયાસો ખરેખર પ્રશંસનીય છે. તેમણે સહભાગી યુવાનોને રાષ્ટ્રના વિકાસમાં સક્રિય ફાળો આપવા અને વિકસિત ભારતના નિર્માણ માટે સંકલ્પબદ્ધ થવા પ્રેરિત કર્યા હતા.

આ યુથ પાર્લામેન્ટમાં વલસાડ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી આવેલા યુવાનોએ રાષ્ટ્રીય મહત્વના વિષયો પર ગહન ચર્ચા કરી હતી. સ્પર્ધાના અંતે નિર્ણાયકો દ્વારા વિજેતાઓની પસંદગી કરવામાં આવી હતી. આ જિલ્લા કક્ષાના વિજેતાઓ હવે આગામી સમયમાં યોજાનારી રાજ્ય કક્ષાની યુથ પાર્લામેન્ટમાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

આ પ્રસંગે ભારત સરકારના માય ભારત વિભાગના ડેપ્યુટી ડાયરેક્ટર સચિન શર્માએ યોજનાની રૂપરેખા આપી હતી. વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ સતીશભાઈ પટેલે ઔદ્યોગિક વિકાસમાં યુવા શક્તિના મહત્વ પર ભાર મૂક્યો હતો. વાપી શહેર સંગઠનના પ્રમુખ મનીષભાઈ દેસાઈએ યુવાનોને સંગઠિત થઈ દેશ સેવામાં જોડાવા આહવાન કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન માય ભારતના સ્વયંસેવક ગણપતસિંહ રાઠોડ અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.ખુશ્બુ દેસાઈ અને એમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે ગણપત સિંહ રાઠોડે અગાઉ 'વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ૨૦૨૬' માં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી ગૌરવ વધાર્યું છે. આ કાર્યક્રમમાં હરિયા એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી એ.કે. શાહ અને કે.બી.એસ. કોલેજના પ્રિન્સિપાલ પૂનમબેન ચૌહાણ સહિત અન્ય મહાનુભાવો, અધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગલ્ફ દેશોમાં યુદ્ધમાં ફસાયેલા વલસાડ જિલ્લાના લોકોને વતન લાવવા સાંસદે વિદેશ મંત્રીને રજૂઆત કરી



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૬

વલસાડ-ડાંગ લોકસભા બેઠકના સાંસદ ધવલ પટેલ દ્વારા ગલ્ફ દેશોમાં રહેલા ભારતીય નાગરિકોની હાલત અંગે ચિંતા વ્યક્ત કરી કેન્દ્ર સરકારને તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરવામાં આવી છે. આ અંગે તેમણે ભારત સરકારના વિદેશ મંત્રી સુબ્રમણ્યમ જયશંકરને સત્તાવાર પત્ર લખી ભારતીયોને સુરક્ષિત રીતે વતન પરત લાવવા માટે તાત્કાલિક વ્યવસ્થા કરવાની માંગણી કરી છે.

સાંસદ ધવલ પટેલે પોતાના પત્રમાં જણાવ્યું છે કે, ગલ્ફ ક્ષેત્રમાં હાલની પરિસ્થિતિને કારણે ત્યાં વસતા અનેક ભારતીય નાગરિકો મુશ્કેલીમાં મુકાયા છે. ખાસ કરીને રોજગાર ગુમાવવું, આર્થિક તંગી અને વ્યક્તિગત સુરક્ષાને લઈને ઉદ્ભવતી ચિંતાઓને કારણે ઘણા લોકો ભારત પરત આવવા ઈચ્છે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, તેમના લોકસભા ક્ષેત્ર સાથે સંકળાયેલા અનેક ભારતીયોએ તેમના કચેરીનો સંપર્ક કરી તાત્કાલિક મદદની માંગ કરી છે. આવી પરિસ્થિતિમાં ભારત સરકારના વિદેશ મંત્રાલયે સંબંધિત દેશોમાં આવેલી ભારતીય દૂતાવાસો અને કાઉન્સ્યુલેટોને જરૂરી સૂચના આપી નાગરિકોને સહાયતા પૂરી પાડવી જોઈએ.

વધુમાં જણાવ્યું છે કે, આ મુશ્કેલીમાં મુકાયેલા ભારતીય નાગરિકોને વિગતવાર યાદી પણ રજૂ કરવામાં આવી છે. તેમાં મુખ્યત્વે વલસાડ જિલ્લાના નાગરિકોનો સમાવેશ થાય છે, જે હાલ ઈરાનમાં રહેતા હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

# એસ.આઈ.એ.ની એક્ઝિક્યુટિવ કમિટીના ૧૨ સભ્યો માટે ૧૩ ઉમેદવારો વચ્ચે થયેલી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ

## બિનહરીફ પ્રમુખ કૌશિક પટેલ સાથે એમના ૧૨ એક્ઝિક્યુટિવ મેમ્બર વિજેતા જ્યારે કોપ્સ સભ્ય તરીકે પસંદગી કરવા બાંહેધરી મેળવનારા પંકજ રાયે પણ હાર સ્વીકારીને મારેલી બાજી







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૦૬

સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની વર્ષ ૨૦૨૬-૨૮ની ટર્મ માટેની દ્વિવાર્ષિક ચૂંટણીની પ્રક્રિયા આજે ઔપચારિક રીતે પૂર્ણ થઈ છે. ચૂંટણી સમિતિ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર પરિણામો મુજબ, પ્રમુખ પદે શ્રી કૌશિકભાઈ પી.પટેલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે, જ્યારે કારોબારી સમિતિના સભ્યો માટે થયેલી લોકશાહી ઢબે પૂર્ણ થયેલી ચૂંટણી પ્રક્રિયામાં અપેક્ષા મુજબના પરિણામો જોવા મળ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ આ અગાઉ પ્રમુખ પદ માટે શ્રી કૌશિકભાઈ પી. પટેલ સામે અન્ય કોઈ ઉમેદવાર ન હોવાથી તેઓને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે કારોબારી સમિતિના સભ્યો માટે કુલ ૧૩ ઉમેદવારો મેદાનમાં હતા. આજરોજ ચાલેલી ચૂંટણી પ્રક્રિયામાં મતદાનની સંખ્યા માત્ર ૭૭ થવા પામી હતી. ત્યારબાદ જાહેર થયેલા પરિણામમાં શ્રી આનંદભાઈ પટેલ, શ્રી દેવાંગભાઈ એમ. શાહ, શ્રી કમલેશભાઈ વાસવાણી, શ્રી કિશોરભાઈ ગજેરા, શ્રી મુકેશભાઈ બી. પટેલ, શ્રી નીતિનભાઈ વી. ઓઝા, શ્રી રાજેશભાઈ જે. અઘેરા, શ્રી રાજેશભાઈ જે.પંચાલ, શ્રી રતિકાંત સી. તિવારી અને શ્રી વિનોદ આર.સિંઘ (તમામને ૭૭ મત). આ ઉપરાંત શ્રી વિવેકભાઈ જે. દાજી (૭૬ મત) અને શ્રી પ્રવીણભાઈ કે.પટેલ (૭૩ મત) પ્રાપ્ત થતા વિજેતા જાહેર થયા છે. જ્યારે શ્રી પંકજભાઈ રાયને માત્ર પાંચ મત હાંસલ થયા હતા અને એમણે હાર સ્વીકારવી પડી હતી. પરંતુ હાર સ્વીકારવાની રણનીતિ એસઆઈએના અગ્રણી સભ્યો અને કમિટી વચ્ચે અગાઉથી જ નિર્ધારિત કરી દેવામાં આવી હતી. જેના બદલામાં શ્રી પંકજભાઈ રાયને એસઆઈએની કમિટીમાં કોપ્સ સભ્ય તરીકે પસંદગી કરવામાં આવશે એવા સ્પષ્ટ સંકેત છે.

સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સ્ક્રુટીની કમિટીના ચેરમેન ડૉ.આર.જે.સિંઘ તથા સભ્યો શ્રીનિવાસ સૈની, જૈવિક પટેલ, સ્વપ્નિલ પાટીલ અને અનુજ દેઓરાની સીધી દેખરેખ હેઠળ પારદર્શક રીતે પૂર્ણ કરવામાં આવી હતી. જાહેર થયેલા પરિણામ બાદ પ્રમુખશ્રી કૌશિકભાઈ પટેલે આભાર વ્યક્ત કરવા સાથે તમામ સભ્યોને સાથે રાખી તેમજ પૂર્વ પ્રમુખોનું માર્ગદર્શન મેળવી તમામ કામોને પારદર્શક અને વહીવટમાં સરળતા રહે એ રીતે પૂર્ણ કરવાની બાહેંધરી આપી હતી.

# વાપી-પારડી વિસ્તારમાં ઘરફોડ અને વાહન ચોરીના બે રીઢા ચોરોને એલસીબીએ મહારાષ્ટ્રના પાલઘરથી દબોચ્યા




## આરોપી રોહીત કાનાભાઈ વાઘરી અને વિકાસ બલેશ્વર મહંતો પકડાયા: પોલીસે રૂા.૫૫ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૬

વાપી, પારડી, ભિલાડ જેવા વિસ્તારોમાં ઘરફોડ અને વાહનોની ચોરી કરી ફરાર થઈ ગયેલા બે આરોપીને એલ.સી.બી.એ મહારાષ્ટ્રના પાલઘરમાંથી ઝડપી પાડી વલસાડ લાવવામાં આવ્યો. ત્રણ ગુનાના ભેદ ઉકેલાયા છે.

પાલઘરથી પોલીસે બાતમી આધારે રોહિત કાનાભાઈ વાઘરી અને વિકાસ બલેશ્વર મહંતોને ઝડપી પાડી તેમની પાસેથી ૫૫૯૧૦ રૂા.નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બન્ને આરોપીઓએ પારડીમાં ૧૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ હરિયાવાડ વિસ્તારમાં આવેલ બનારસી ભેલ નામની દુકાનમાં રાત્રે શટર તોડી કાઉન્ટરમાં રહેલા રૂા.૧.૨૦ લાખ રોકડા ચોરી ફરાર થઈ ગયા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ વલસાડ સિટીમાં એક એક્ટિવા ચોરી કરી પારડીમાં ચોરી કરવા વાપર્યું હતું. બાદમાં એક્ટિવા ભિલાડમાં છોડી દીધું હતું. તદઉપરાંત વાપીમાં કાળા રંગનું હોન્ડા પણ ચોર્યું હતું. રીઢા ચોરો વાહન ચોરતા અને ચોરી કરવા માટે વાપરી છોડી દેતા હતા. આ બન્ને આરોપીઓ વિરૂધ્ધ મહારાષ્ટ્રના વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદો નોંધાયેલ છે તેવી ચોંકાવનારી વિગતો બહાર આવી છે. મહારાષ્ટ્ર અને વલસાડ પોલીસને અન્ય ગુનાના ભેદ પણ ઉકેલવા હવે સરળ બની રહેશે.

### ચીખલીના મજીગામમાં પૈસાની લેતીદેતીમાં

# ચીમલાની મહિલાને માથામાં કુહાડીના ઘા ઝીંકી જીવલેણ હુમલો કરતા ગંભીર

## ઈજાગ્રસ્ત મહિલાને ચીખલીમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે સુરત ખસેડાઈ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી,(વંકાલ), તા.૦૬

ચીખલીના મજીગામમાં પૈસાની લેતીદેતીમાં ચીમલાની મહિલાને માથામાં કુહાડીના ઘા ઝીકી જીવલેણ હુમલો કરતા ગંભીર ઈજાગ્રસ્ત મહિલાને ચીખલીમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે સુરત ખસેડવામાં આવી છે.

પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી હિતેષ ઈશ્વરભાઈ કોળી પટેલ (રહે. ચીમલા ઉગમણા ફળીયા તા. ચીખલી)ની પત્ની ગતરોજ સાંજના સમયે મલિયાધરા ગામે પિયર જવા નીકળી હતી. ત્યારે તેમણે પત્નીને મજીગામના છાપરા ફળીયા રહેતા દષ્ટિક ઉર્ફે જીમીને આપેલ ઉછીના ૧૬,૦૦૦/- રૂપિયા લઈ આવવા જણાવ્યું હતું. જે મુજબ પ્રિયંકાબેન આ ઉછીના રૂપિયા લેવા માટે રાત્રે આઠેક વાગ્યાના અરસામાં મજીગામ જતા જીમીએ તેને નાલાયક ગાળો આપી તેના ઘરેથી નિકળી જવાનું કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તેમ છતાં પ્રિયંકાબેને ફરી વખત ઉછીના નિકળતા રૂપિયા માંગતા જીમી ઉશ્કેરાઈ જઈ ઘરમાંથી કુહાડી લાવી જાનથી મારી નાંખવાના ઈરાદે કુહાડીથી માથામાં ભાગે જીવલેણ ઘા મારતા લોહી લુહાણ થઈ ઢળી પડી હતી.

ગંભીર ઈજાગ્રસ્ત પ્રિયંકાબેનને ચીખલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર બાદ વધુ સારવાર અર્થે સુરતની હોસ્પિટલમાં ખસેડાઈ હતી. પોલીસે ઉપરોક્ત બનાવમાં દષ્ટીક ઉર્ફે જીમી મંગુભાઈ પટેલ (રહે. મજીગામ છાપરાં ફળીયા તા. ચીખલી જી. નવસારી) સામે હત્યાનો પ્રયાસનો ગુનો નોંધી ધરપકડ કરી વધુ તપાસ પીઆઈ શ્રી ડી.એસ.કોરાટે હાથ ધરી હતી.

# કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે મોટાપોંઢા રાતા ખાડી પર માઈનોર બ્રિજનું લોકાર્પણ કરાયું





(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૬

વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના મોટાપોંઢા ગામ નજીક ઓમકચ્છ રોડ પર આવેલી રાતા ખાડી ઉપર માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિર્માણ કરાયેલ માઈનોર બ્રિજનું લોકાર્પણ કપરાડા વિસ્તારના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ બ્રિજના લોકાર્પણ સાથે સ્થાનિક ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ગામડાઓમાં રોડ, પાણી, ખેતી, શિક્ષણ જેવી મૂળભૂત સુવિધાઓને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે અને વિકાસના કાર્યો ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહ્યા છે.

મોટાપોંઢા ખાતે રાતા ખાડી ઉપર બનેલો આ બ્રિજ ગુજરાત અને દાદરા નગર હવેલી સંઘ પ્રદેશ વચ્ચેના વાહનવ્યવહાર માટે મહત્વપૂર્ણ સાબિત થશે. ખાસ કરીને ચોમાસાના દિવસોમાં ભારે વરસાદને કારણે ખાડીમાં પાણીનો પ્રવાહ વધતા વાહન વ્યવહાર ખોરવાઈ જતો હતો અને ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. હવે આ બ્રિજ બનતા ગ્રામજનો, કામદારો અને ખેડૂતોને આવનજાવનમાં મોટી રાહત મળશે.

ગામના સરપંચ રણજીતભાઈ પટેલ તેમજ અન્ય ગ્રામજનોએ જણાવ્યું હતું કે, આ બ્રિજના નિર્માણથી વર્ષોથી ચાલતી આવતી સમસ્યાનો અંત આવ્યો છે. ગામમાં આ કામ પૂર્ણ થતા ખુશીની લહેર જોવા મળી હતી.

લોકાર્પણ પ્રસંગે ગ્રામજનોએ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીનું ભવ્ય સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં સ્થાનિક કાર્યકરો અને ગ્રામજનો હાજર રહી આ વિકાસકાર્યની સરાહનીય કાર્ય ને બિરદાવ્યું હતું.

# વલસાડ ઊંટડી કોસ્ટલ હાઈવે ઉપર બિલીમોરાના દંપતિને અકસ્માત નડ્યો: પતિનું સ્થળ ઉપર મોત, પત્ની સારવાર હેઠળ




(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૬

વલસાડ ઊંટડી કોસ્ટલ હાઈવે ઉપર આજે શુક્રવારે સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. બિલીમોરાનું દપિત બાઈક ઉપર સવાર હતા ત્યારે અચાનક બાઈક સ્ટેયરીંગ કાબુ ગુમાવતા બાઈક ખાડામાં પટકાયું હતું. પતિ-પત્ની ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માતમાં પતિનું ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું. જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલ પત્નીને લોકોએ સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા.

બિલીમોરામાં રહેતા ભગવાનભાઈ ટંડેલ તેમની પત્ની સાથે વલસાડ નજીક ઊંટડી હાઈવે ઉપર બાઈક નંબર જીજે ૨૧ સી ૦૦૪૯ ઉપર સવાર થઈને આજે સવારે જઈ રહ્યા હતા ત્યારે સ્ટેયરીંગ ઉપર ભગવાનભાઈએ કાબુ ગુમાવતા બાઈક ખાડામાં પટકાયું હતું. અકસ્માતમાં પતિ-પત્ની ગંભીર રીતે હાથ-પગ-માથામાં ઘાયલ થયા હતા. કમનસીબે પતિ ભગવાનભાઈનું ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે અકસ્માત બાદ ભેગા થયેલા લોકોએ પત્નીને એમ્બ્યુલન્સમાં નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા.